ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## શિક્ષક મહાન છે

### ઇ.સ.૧૯૯૩ ની આ સત્ય ઘટના છે.

તે વખતે ભારતના રાષ્ટ્રપતિ હતા શંકરદયાળ શર્મા. એઓ **ઓમાન** દેશની મુલાકાતે જાય છે. તે વખતે એઓ પ્રોટોકોલ હતો કે ગમે તે દેશની સર્વોચ્ચ કક્ષાની વ્યકિત આવે તો પણ પોટ્રોકોલ જાળવવો. સુલતાન એરોડ્રામ પર લેવા ન જાય.

પણ આપણા રાષ્ટ્રપતિ માટે તમામે તમામ પ્રોટોકોલ તોડી રાષ્ટ્રપતિને લેવા છેક વિમાનની એમની બેઠક સુધી જઇ એમને મળી સન્માન આપી નીચે લઇ આવ્યા અને જે કારમાં બેસાડયા તેનું ડ્રાઇવીંગ પણ સુલતાને જાતે કર્યુ.એમના શાહી મહેલમાં લઇ ગયા. જમવાના સમયે ટેબલ ઉપર માત્ર વેજિટેબલ વસ્તુ જ પીરસી. નોનવેજ મુદ્દલ ત્યાં પીરસવામાં ન આવ્યું.

આમ બધાજ પ્રોટોકોલ તોડી એમણે આપણા રાષ્ટ્રપતિનું સન્માન કર્યુ.

આ વાત જાણવા એમની નજીકની કોઇ વ્યકિતએ જાણવા માગ્યું તો સુલતાને કહયું – મારા પિતાએ મને ભારતમાં અભ્યાસ માટે મહારાષ્ટ્રના પૂના શહેર મોકલ્યો – ત્યાં મારા શિક્ષક શંકર દયાળ શર્મા હતા.

આ સન્માન એક મારા શિક્ષકને આપ્યું. શિક્ષણ સાધારણ અને નકામો નથી. એ અતિ મહાન છે.

સો (૧૦૦) ડૉકટરો થઇને પણ એક શિક્ષકનું સર્જન ન કરી શકે – પણ એક શિક્ષક, ૧૦૦ ડૉકટર, ૧૦૦ ઇજનેર, ૧૦૦ ઉધોગપતિ કે ૧૦૦ શિક્ષકનું સર્જન કરી શકે.

એટલે શિક્ષકને સાધારણ સમજવું નહીં. એ અતિ મહાન છે.

■ **પ્રેષક : અહમદભાઇ વાવડા (લંડન)**

રબિઉલ અવ્વલ ૧૪૪૩ નવેમ્બર ૨૦૨૧ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## જઝાકુમુલ્લાહ

- જનાબ યુસુફ મેહમુદ પટેલ સા. અંકલેશ્વર તરફથી રૂા. ૫૦,૦૦૦/- એ.વાય.દાદાભાઇ કોલેજના ગરીબ વિદ્યાર્થીઓ માટે જ. સઇદભાઇ દરસોત સા. હસ્તે મળ્યા છે.
- જનાબ સોયબ યુસુફ પારેખ સા. બલેશ્વર તરફથી રૂા. ૩૦,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.
- જનાબ હુશેન અહમદ પટેલ સા. ઉમરવાડા તરફથી રૂા. ૨૦,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં જ. શબ્બીરભાઇ પટેલ સા. હસ્તે મળ્યા છે.
- જનાબ જમાલભાઇ મુંબઇ તરફથી રૂા. ૧૦,૦૦૦/- સોસાયટીના ઝકાતફંડમાં મળ્યા છે.

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## આપણા સમાજનું ગૌરવ

**M.Sc**



મૂળ **ભોરીયા**ના વતની અને હાલ **નવસારી** સ્થાયી **અબ્દુલ્લાહ બશીરઅહમદ પટેલ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ M.Sc ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**M.Sc**



મૂળ **ભોરીયા**ના વતની અને હાલ **નવસારી** સ્થાયી **ઇલ્યાસ બશીરઅહમદ પટેલ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ M.Sc ની પરીક્ષા ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**M.Sc**



મૂળ **ડુંગરી**ના વતની અને હાલ **મોસાલી** સ્થાયી **મોહસીન મહમદહુશેન મમુન** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ M.Sc ની પરીક્ષા શ્રી એ.એન.શાહ સાયન્ચ કોલેજ, ખોલવડમાંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**B.C.A.**



**હથુરણ**ના વતની **સુમૈયાબાનું ઇસ્માઇલ કોલીયા** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ B.C.A. ની પરીક્ષા વિદ્યાદીપ ઇન્સ્ટીટયુટ, અણીતા-કીમ માંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**Ph.D.**



રાંદેરના વતની અને હાલ સુરત સ્થાયી **ફાતેમાબીબી અબુબકર સાલેહભાઇ (અહમદ ઇસ્માઇલ હાસીમભાઇની અહેલીયા,સુરત)** ને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી દ્વારા મહાશોધ નિબંધ **The Impact of Volatility of Selected International Stock Market Indices and Foreign Exchange Rates on Indian Stock Market** ને માન્ય રાખી Ph.D. ની ડિગ્રી એનાયત કરેલ છે. **તે બદલ મુબારકબાદ.** તેમણે આ શોધ કાર્ય કોમર્સ / એકાઉન્ટન્સી વિષયમાં ડૉ.પૂર્ણીમા જરીવાલા, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરેલ છે. તેઓ હાલ સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.

**મુબારકબાદ.** **તા.૦૯-૧૦-૨૦૨૧ થી ૧૦-૧૦-૨૦૨૧**



વડોદરા ખાતે યોજાયેલ રાજય સ્તરની પાવર લીફટીંગની સ્પર્ધામાં આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ યશફિન હોસ્પિટલના ટ્રસ્ટી સિમલક નિવાસી જ. અબ્દુલ્લાહભાઇ વૈદ સા. ના ફરજંદ **સુલેમાન** એ ૮૩+ કિલોગ્રામની કેટેગરીમાં સ્કવોટ અને ડેડલીફટીંગ થઇ **૪૨૦** કિલોગ્રામ વજન ઉંચકી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### એચ.એસ.સી.- ૨૦૨૧

| | |
|---|---|
| સફીયા ઇસ્માઇલ મુલ્લાં | આમેના મોહંમદ અશરફ |
| ગામ:- મુંબઇ (રાંદેર) | ગામ:- રાંદેર |
| ૯૬.૫૦ % (સાયન્સ) | ૭૯.૨૯ % (આર્ટ્સ) |

ઝહરા મોહંમદ ભરૂચા, ગામ:- રાંદેર, ૭૨.૨૭ % (કોમર્સ)

## વહોરા સમાચાર

■ **હદીશ શરીફ**

● યતીમ નો માલ ખાવો એ ઘણો મોટો ગુનો છે.

● જેને કોઇનો સહારો ન હોય એને સહારો (મદદ આપવી) એ સર્વોત્તમ સવાબનું કામ છે.

■ **ચિંતન**

ફકત શિક્ષણ પ્રાપ્ત કરવા થકી જ તમારું ભલું થશે. શિક્ષણ પ્રાપ્ત કરી તેના પર સાચો અમલ કરવા એ મહત્વનું છે.


**અંક : ૧૧**

**માસ : નવેમ્બર ૨૦૨૧**

**માહે : રબિઉલ અવ્વલ ૧૪૪૩**

**તંત્રી : મસ્ત મંગેરા**


■ **એક શેર :-**

કયામતથી નથી ઓછી આ દુનિયા,
બધાને પોત પોતાની પડી છે.
- રાઝ નવસારવી

■ **મુકતક :-**

હકીકત છે કે, છે મિથ્યા એ દાવો
જરા એની પ્રતીતિ તો કરાવો,
કહે છે આદમી તો છે ફરિશ્તો !!
કોઇ એવો ફરિશ્તો તો બતાવો ?
- મસ્ત મંગેરા

## ■ તંત્રી સ્થાનેથી...!

આ વર્ષ આપણા સમાજ માટે શૈક્ષણિકક્ષેત્રે અગત્યના નિર્ણયો લઇ તેના પર અમલ કરવા માટે સૌથી અગત્યનું વરસ છે.

જ્યારે આપણી આ મહામૂલી સંસ્થાએ **૭૫ માં** વરસમાં પ્રવેશ કર્યો છે-ત્યારે કોને હર્ષ ન થાય? આ આપણા સૌ માટે હર્ષના સાથે ગર્વનો પણ વિષય છે.જે ફકત અલ્લાહપાકના રહમો કરમથી જ આપણને મળ્યો છે.

સૌ પહેલાં આપણા ગૌરવવંતા, ઝિંદાદિલ અને નિખાલસ બૂઝુર્ગોના હકમાં અલ્લાહપાકથી દુઆ ગુજારીએ છીએ.

સૌથી પહેલાં આપણે આપણા યુવાધનને સાચા અને સારા માર્ગે વાળવાનું અગત્યનું કામ કરવાનું છે. આજે ગામે ગામ, શહેરે શહેરે, આપણા યુવાનો કોઇપણ પ્રકારની કાર્યવાહી કરતા દેખાતા નથી. શિક્ષણ લેનાર વિધાર્થીઓની સંખ્યા ઘણી ઓછી છે.

We need to change our way of thinking and must try to educate our children.

This is the only way to progress. Insaallah Allah will help those who wants to help them self.

- Ahmedbhai vavda

આજે જુદા જુદા કોર્ષમાં અભ્યાસ કરનારને મદદ કરનાર પણ ઘણી વ્યકિતઓ છે.

ઉચ્ચતમ્ અભ્યાસ માટે નીકળી પડો.

અલ્લાહપાક મદદ કરશે જ.

▪ મસ્ત મંગેરા (કાંગવઈ)


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# કયામતથી જન્નત સુધી

- મૂસાજી દીપક બારડોલીકર

સિફારસ તો અન્ય પયગમ્બરો પણ કરશે. ફરિસ્તા, શહીદો અને અન્ય શ્રધ્ધાવાનો પણ કરશે. અબૂ-બકર (રદિ.) વર્ણવે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું. પુનર્જીવનના દિવસે સિરાતના અડખે પડખે,જયાં લોકોને અટકાવી દેવાશે ત્યાં આગના કારણે જમીન ગરમ હશે. અલ્લાહ જલ્લ-શાનહુ ઇચ્છશે તેને પોતાની દયાથી બચાવશે. ત્યાર પછી સિફારસ માટે ફરિસ્તાઓને, પયગમ્બરોને અને શહીદોને પરવાનગી આપશે. તેઓ સિફારસ કરશે અને (જહન્નમમાંથી લોકોને) બહાર કાઢશે: સિફારસ કરશે અને બહાર કાઢશે. (ઇબ્ને કસીર)

સિફારસ અન્ય શ્રધ્ધાવાનો પણ, જહન્નમમાં રહી ગયેલા તેમના ભાઇઓ વિશે કરશે. દુનિયામાં વુઝુ માટે કે પીવા માટે પાણી આપનાર,રોટલો ખવડાવનાર યા કોઇએ કોઇક કામ કરી આપ્યું હોય તેના માટે પણ સિફારસ કરાશે. પોતાના કુટુંબ, કબીલા કે મિત્રો માટે પણ સિફારસ થશે અને તે માન્ય રખાશે. રોઝા પણ સિફારસ કરશે, કુરઆને કરીમ પણ સિફારસ કરશે. (તિરમીઝી, મુસનદ અહમદ, બઝઝાર,ઇબ્ને માજા, હદીસનો સારાંશ)

**ઉમ્મતની ચિંતા:**

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પોતાની ઉમ્મતની ભલાઇની સૌથી વિશેષ ચિંતા હતી. તેની આ દુનિયા અને આખિરત બન્ને સંવરે એમ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઇચ્છતા હતા. પુનર્જીવનના દિવસે પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ જ ચિંતામાં હશે. અને બારગાહે ઇલાહીમાં અરજ કરશે, ઓ માલિક ! મારી ઉમ્મતના જે લોકો જહન્નમમાં છે તેમના વિશે મારી સિફારસ કબુલ કર.

અને ગૌરવશાળી અલ્લાહ કહેશે, જેમને તમે જાણો છો તેમને બહાર કાઢી લો. અને ત્યાર પછી જેના અંતરમાં દીનાર જેટલું અને પછી રાઇના દાણા જેટલું ઇમાન હોય તેને બહાર કાઢી લેવા કહેવાશે. આ એવી ઉદારતા હશે કે ઇબ્લીસના મનમાં પણ, એ સિફારસથી લાભ થાય એવી આશા જાગશે.

હદીસ અનુસાર હવે અલ્લાહ કહેશે, હવે ફકત હું રહી ગયો છું, અને દયા કરનારાઓમાં સૌથી વિશેષ દયાળુ હું છું - તે પોતાનો હાથ જહન્નમમાં નાંખશે અને એટલા લોકોને બહાર કાઢશે, જેની સંખ્યા ફકત તે જાણે છે. એ લોકો ઝીણા દાણા જેવા હશે. અલ્લાહ તેમને જીવનસરિતામાં નાંખશે. વરસાદમાં વિકસતા દાણાંની માફક તેમનો વિકાસ થશે. તેઓ મોતી જેવા હશે અને તેમની ડોક ઉપર લખ્યું હશે: આ તે છે જેમને દયાળુ ગૌરવશાળી અલ્લાહે જહન્નમમાંથી મુકત કર્યા છે.

અને જન્નતવાસીઓ તેમને આ રીતે ઓળખશે કે આ તે લોકો છે, જેમણે અલ્લાહની ખુશી ખાતર દુનિયામાં કંઇ કર્યું ન હતું છતાં તેઓ જન્નતમાં રહેશે. (બયહકી-બઅસ વન-નુશુરૂ, તબરાની-મુતુલતમાં, તબરી તફસીરમાં)

અન્ય એક હદીસ પ્રમાણે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, ત્યાર પછી અલ્લાહ કહેશે:

હવે હું મારા જ્ઞાન અને દયાના આધારે (લોકોને) બહાર કાઢીશ. તે બહાર કઢાયા હશે તેનાથી અનેક દાણાને બહાર કાઢશે. અને તેમાં વધારો કરશે. તેમની ડોક પર લખાયેલું હશે: અલ્લાહ તરફથી મુકત કરાયેલાં. ત્યાર પછી તેઓ જન્નતમાં પ્રવેશ કરશે. ત્યાં તેમને જહન્નમિયુન કહેવામાં આવશે. (મુસનદ અહમદ,-હદીસનો અંશ)

**મહત્વનો કલિમો**

લા-ઇલાહા ઇલ્લલ્લાહ- (અલ્લાહ સિવાય કોઇ અલ્લાહ નથી) - આ એક એવો કલિમો છે, જે અલ્લાહની દ્રષ્ટિમાં અત્યંત મહત્વનો અને મૂલ્યવાન છે. એના વિનાના સૌ સદાચાર, નીતિનિયમ, અખ્લાક, ઇબાદત નકામાં. જયાં આ કલિમો છે ત્યાં સર્વ કંઇ છે અને એ નથી તો કંઇ નથી.

અબ્દુલ્લાહ ઇબ્ને હરીસ (રદિ.) નો હવાલો ધરાવતી,ઇબ્ને કસીરે નોંધેલી એક હદીસ પ્રમાણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, તે (અલ્લાહ) કહેશે: જાવ અને તેમને (જહન્નમમાંથી)

બહાર કાઢો જેમણે લા-ઇલાહા ઇલ્લલ્લાહ કહયું હોય (હદીસનો અંશ)

કલિમાની જેમ યાદ અને ડરનું પણ ઘણું મહત્વ છે. જહન્નમમાંથી ઉગારી શકે છે. સૈયિદિના અનસે (રદિ.) મરફુઅ સ્વરૂપે વર્ણવ્યું છે કે : અલ્લાહ કહેશે, જહન્નમમાંથી તેમને બહાર કાઢો, જેમણે કોઇ પણ દિવસે મને યાદ કર્યો હોય યા કોઇ પણ સ્થળે મારો ડર અનુભવ્યો હોય. (તિરમીઝી)

અલ્લાહુ અકબર ! કેવી અપ્રતિમ દયા ! કેવી શ્રેષ્ઠ ઉદારતા !

ગમે એમ, પણ તે ઇમાનવાળા,જે ગુના કરે છે તેમણે એમ માની લેવું જોઇએ નહીં કે ઇમાનવાળા હોવાથી તેઓ કશી પૂછગાછ કે શિક્ષા વિના સીધેસીધા જન્નતમાં ચાલ્યા જશે. ના, તેમને તેમના દુરાચારોનો બૂરો બદલો મળશે. અને તે ભોગવ્યા પછી તેઓ જન્નતમાં જશે. જન્નત છે, પણ ગુનાની શિક્ષા પછી, લા ઇલાહઇલ્લલ્લાહ ને વળગી રહેનારા દુરાચારીઓની પણ એ જ દશા હશે.

**વિશેષ દયાળુ:**

આપણે ઉપર જોયું એમ અલ્લાહની દયાની, ઉદારતાની કોઇ સીમા નથી. જેમના અંતરમાં રાઇના દાણા જેટલુંયે ઇમાન હશે યા જેમણે દુન્યવી જીવન દરમિયાન માત્ર લા-ઇલાહા-ઇલ્લલ્લાહ કહયું હશે, ઉચ્ચાર્યુ હશે તેને પણ તે માફ કરશે અને જહન્નમમાંથી કાઢશે. આવી દયામાયા તો માતા પિતાના અંતરમાં પણ શોધેલી જડે નહીં.

આ સંદર્ભે બુખારી તથા મુસ્લિમની એક હદીસ ખાસ મનન કરવા યોગ્ય છે. હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ (રદિ.) વર્ણવે છે કે યુધ્ધ કેદી,રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને દેખાડવામાં આવ્યાં. તેમનામાંની એક સ્ત્રી ઝડપથી આમથી તેમ જઇ રહી હતી. તેના સ્તનમાંથી દૂધ ગળી રહયું હતું. સામે આવ્યું તે બાળક તેણે ઉપાડી લીધું અને ધવડાવી લીધું.- રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અમને પૂછયું, આ સ્ત્રી તેના બાળકને આગમાં ફેંકી શકે એમ તમે માનો છો ? - અમે કહયું: નહીં, તે તેને આગમાં ફેંકી શકે નહીં - અને આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, આ સ્ત્રી તેના બાળક પ્રત્યે જેટલી દયાળુ છે તેનાથી વિશેષ, અલ્લાહ તેના બંદાઓ પ્રત્યે દયાળું છે. (બુખારી,મુસ્લિમ)

અલ્લાહની દયાનો પાર નથી, અપરંપાર છે. તે પોતાના બંદા માટે આગમાં બાગ સર્જાવે છે. અને સમંદર ફાડીને રસ્તો કરી આપે છે. આ તે ખાલિક અને માલિક છે જે નેકી અને સદાચાર માટે આગ્રહ સેવે છે. અને દુરાચારને પસંદ કરતો નથી. પણ આમ છતાં પુનર્જીવનના દિવસે ગુનાના પહાડ લઇને આવનારને પણ તે હતાશ નહીં કરે. ઇબ્ને કસીરના નોંધ્યા પ્રમાણે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ કહયું, પુનર્જીવનના દિવસે મુસ્લિમો (અગર) પહાડો જેવા ગુના લઇને આવશે (તો પણ) અલ્લાહ તેમને માફ કરી દેશે. (મુસ્લિમ, હદીસનો અંશ)

**છેલ્લો માણસ:**

જન્નતમાં જવાની ઇચ્છા કોને નહીં હોય ! જન્નત છે જ એવી એક અદ્દભુત જહાન, જયાં જવાને હર કોઇ તલપાપડ હોય છે. જેને ત્યાં પ્રવેશવાની તક મળે તે ખુશનશીબ. અને ઇમાનહીનો, મુશરિકો,દંભી-દગાબાજોથી વિશેષ કમનસીબ બીજું કોઇ નથી. તેઓ આગનું ઇંધણ છે.ઇમાનવાળા ગુનેહગારો પણ જહન્નમમાં જશે. ગુનાના હિસાબે બળશે. અને જહન્નમમાં બળ્યા પછી જન્નતમાં જશે. આમ બળી જલીને જન્નતમાં જનારા છેલ્લા માણસની દાસ્તાન કંઇ એવી છે કે તેની અંદર માનવ પ્રકૃતિ અને ખાસિયતનો આબાદ ચિતાર ઝીલાયેલો જોવા મળે છે. જહન્નમની ભીષણ આગ પણ તેની પ્રકૃતિમાં કશો ફેરફરક કરી શકતી નથી. ચાલો, એ છેલ્લા આદમીની દાસ્તાન જોઇએ,જે હદીસે નબવી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમમાં વર્ણવવામાં આવી છે.

સૈયિદિના અબૂ હુરયરહે (રદિ.) વર્ણવેલી એક પ્રલંબ હદીસના એક અંશ પ્રમાણે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું. ત્યાર પછી અલ્લાહ ઇન્સાફની કારવાઇ પૂરી કરશે અને ત્યાં એક આદમી રહેશે. જેનો ચહેરો જહન્નમ તરફ કરાયેલો હશે. જહન્નમમાંથી જન્નતમાં જનારો તે છેલ્લો માણસ હશે. તે કહેશે, ઓ માલિક ! મારા ચેહરાને જહન્નમથી છેટો કરી દે. એની ઝાળ મને ઇજા કરે છે. અને એની તપીશ મને દઝાડે છે. **(ક્રમશ)**

# મહાન અને શકિતશાળી કુદરત સામે મનુષ્યની પામરતા

- પ્રો. ડો. હસન લુણત વિતાન

છેલ્લાં કેટલાંક વર્ષોમાં કુદરતી આફતોનું પ્રમાણ વધ્યું છે. થોડા થોડા સમયને અંતરે દુનિયાના કોઇ ને કોઇ ભાગમાં મોટી કુદરતી હોનારત થાય છે અને હજારો નહીં, લાખો માણસોના મોત થાય છે, માલ-મિલ્કતને અબજો રૂપિયાનું નુકસાન થાય છે. ધરતી સહેજ કંપે છે-અડધી કે એક-દોઢ મિનિટ ! અને માણસે બનાવેલી રૂપાળી અને આલિશાન ઇમારતો બાળકોએ બનાવેલા ખોખાંના મહેલની માફક કડડભૂસ થઇ તૂટી પડે છે. આ ઇમારતો હજારો અને લાખો માણસોને દાટી દે છે. જયાં એશઆરામથી રહેતા હતા,જયાં રોજે રોજની, પળે પળની ચહલપહલ હતી, તેજ બિલ્ડીંગો તેને માટે કબ્રસ્તાન બની જાય છે. આકાશને અડવાનો પ્રયત્ન કરતી ઇમારતો ધરાની એક નાનકડી ધ્રુજારીએ એવી ગબડે છે કે એમાં વસતા માણસો ક્ષણાર્ધમાં શબોમાં પલટાઇ જાય છે.અને ઘણાખરા શબો તો કોઇને પણ હાથ લાગતાં નથી- જીવતેજીવ દટાઇ ગયેલા અને પોતાનું શબ પણ ગુમાવી બેઠેલા માણસો કાયમ માટે લાપતાની યાદીમાં મૂકાઇ જાય છે. જે ઇમારત બનાવવામાં એણે વર્ષો સુધી મહેનત કરી હતી, જે રાચરચીલું વસાવવામાં એણે રાત દિવસ એક કર્યો હતો, તે ઘડીના છઠ્ઠા ભાગમાં ભોંય ભેગું થઇ જાય છે, તેને, તેનાં કુટુંબીજનોને અને તેના જેવા સેંકડો માણસોને મૃત્યુની ચિર નિદ્રામાં પોઢાડી દે છે. અને શરીરને એવું ચૂંથી નાંખે છે કે માણસની ઓળખ મિટાવી દે છે.

આવું બને છે. બનતું રહે છે. શા માટે આવું બનતું રહે છે ? માણસ ધરતી ખરીદે છે. એ ધરતીના નાના-નાના ટુકડાઓ પર પોતાના નામના હકકદાવા કરે છે. તેની ઉપર એ ભવ્ય ઇમારતો ઉભી કરે છે. એ ઇમારતોમાં એ જરૂરી-બિનજરૂરી સરંજામના ખડકલા કરે છે. અને એ હકીકત ભૂલી જાય છે કે પોતે જે ધરતીની માલિકીનો દાવો કરે છે- અરે, એ માલિકીના કાગઝાત પણ ધરાવે છે. પરંતુ એ ધરતી એની માલિકીની બિલકુલ હોતી નથી. ગુલામ બનાવવામાં આવેલી ધરતી માણસની તો જરાય ગુલામ હોતી નથી. એ કયારેક કયાંક અનાયાસ સહેજ કંપી ઉઠે છે અને માલિક બની બેઠેલા માણસનું સત્યાનાશ કરી દે છે. માણસની કેવી લાચારી ! ધરતીનું આ ક્ષણિક કંપન અટકાવી શકવાની એની તાકાત નથી. ધરતી લગરીક ધ્રુજે તો માણસની આખી જિંદગી, એની આસપાસનું આખું જગત ભયંકર રીતે ધ્રુજી ઉઠે છે.

બેશક, આ ધરતી માનવજાતની ગુલામ નથી. અને એ જેની ગુલામ છે તે એને ધ્રુજાવવાની શકિત ધરાવે છે. એ શકિતશાળીને ઓળખવાની જરૂર છે.

અને વરસાદ. વરસાદ તો કુદરતની કૃપા છે. આકાશમાંથી જળ વરસે છે. અને પૃથ્વી પરની જીવસૃષ્ટિનું જીવન શકય બને છે. જળ જમીનમાં ઉતરે છે અને ખેતીવાડી સમૃદ્ધ થાય છે. જળ નદીઓમાં વહે છે, તળાવોમાં જમા થાય છે અને માણસ કે ઇતર જીવો ફાયદો ઉઠાવે છે. જળ સપ્રમાણ અને પૂરતી માત્રામાં વરસ્યા કરે તો તમામ જીવોની જિંદગી ખુશહાલ બની જાય છે. જળ એ જીવન છે, એ કહેતી ખોટી નથી.

પરંતુ જળ મોત પણ લઇ આવે છે-સામુહિક મોત-એક સાથે સેંકડોના મોત ! છેલ્લાં કેટલાંક વર્ષોથી દેખાઇ રહયું છે કે હવે જયારે આકાશમાંથી જળવર્ષા થાય છે ત્યારે બેફામ થાય છે. એક જ દિવસમાં ૨૦-૨૫-૩૦-ઇંચ પાણી વરસી પડે છે, નદીઓ કાંઠા તોડીને વહે છે, પુલો તુટે છે, મકાનો તૂટે છે, બંધો તૂટે છે, પાણી માનવવસ્તી પર ફરી વળે છે અને સેંકડો માણસો તણાઇ જાય છે. આખી મોસમનો વરસાદ જાણે ચાર-પાંચ દિવસમાં જ વરસી જાય છે. અને પૃથ્વી પર જળનો હાહાકાર મચી જાય છે. નદીઓ દરિયા બની જાય છે અને સડકો, ગલીકૂંચીઓ નદીઓ બની જાય છે. બધું જ તણાવા માંડે છે-ચીજવસ્તુઓથી લઇને માનવદેહો પણ. પાણી કોઇનું મોં જોતું નથી,પાણી કોઇની સગાઇ રાખતું નથી. જે એના માર્ગમાં આવે છે તેને એ દબોચી લે છે. એ જીવન આપે છે તો મૃત્યુ પણ આપે છે-સેકંડો જીવસમૂહોનો એક સાથે કોળિયો કરી જાય છે. જળપ્રલય-પ્રલય જળના સ્વરૂપે પણ આવે છે. પૃથ્વીના કોઇને કોઇ હિસ્સા પર આવો જળપ્રકોપ દર વર્ષે જોવા મળે છે.

માણસ વરસાદને માપે છે. કયાં, વરસાદ થયો, એના આંકડા એકત્રિત કરે છે. વરસાદ પડવાની-ન

પડવાની આગાહી પણ કરે છે. પરંતુ પડતા વરસાદને અટકાવી શકતો નથી. અને ન વરસવાની હઠ લઇ બેઠેલા વરસાદને વરસાવી પણ શકતો નથી.જળસંચય કરવા માટે માણસે ઉંચા ઉંચા બંધો બાંધ્યા છે. પરંતુ આ જલાશયો ભરવા માટે પણ એણે વરસાદની રાહ જોવી પડે છે. કયાંક આભ ફાટી જાય એટલું જળ વરસે છે, કયાંક ધરતી સૂકીભઠ્ઠ રહી જાય છે. કુદરતની આ અકળલીલા માણસની સમજની બહાર છે. છતાં નાદાન માણસ જાતજાતના દાવા કર્યે જાય છે !

સમુદ્ર કેટલો સુંદર અને ભવ્ય લાગે છે ! નાખી નજર ન પહોંચે ત્યાં સુધી પાણી જ પાણી ! માણસ હવાફેર માટે, મોજમસ્તી માટે સમુદ્ર તટે ઉપડે છે, ત્યાં પિકનીક મનાવે છે. રિસોર્ટ ઉભાં કરે છે. દરિયાકાંઠે હોટલો અને વિશ્રામગૃહો ઉભાં કરે છે. લોકો દરિયાને માણે છે. દરિયો માણસને અઢળક આપે છે- મચ્છીનો સ્વાદ પણ અને સહેલગાહનો લુત્ફ પણ, મોજાંની મસ્તી પણ અને ઉંડાણનાં મોતી પણ.

અને દરિયો આપે છે મોત પણ. દરિયો પોતાનાં મોજાંઓ પર માણસને રમાડે છે. રમતાં રમતાં માણસ હસે છે. રમવું અને હસવું માણસને ગમતી બાબતો છે. પરંતુ હસતા અને રમતા માણસને દરિયો કયારેક એવો પછાડે છે કે એ ઢેર થઇ જાય છે. દરિયો કયારેક એક - બે કે પાંચ-દસ નહીં, હજારો અને લાખો માણસોને ગર્ક કરી જાય છે. દરિયો કયારેક પોતાનાં મોજાંઓને એવાં ઉછાળે છે કે એની હડફેટમાં જે આવે છે તેને ઉખેડી નાંખે છે. લોકો એને સુનામી કે એવાતેવા નામ આપે છે. નામ ગમે તે આપો, પરંતુ દરિયાનાં આ તોફાની મોજાં એવાં ઉછળે છે કે દરિયાને કાંઠે વસેલાં આખાં નગરો અને ગામો ઉજ્જડ થઇ જાય છે. ગાંડાતૂર દરિયાનાં મોજાં કાંઠાઓને તોડીફોડીને માર્ગમાં આવતી ઇમારતોના મજલા દર મજલા વટાવીને મોભે અડી જાય છે. કયારેક મોજાંઓ સાથે જેઓ ખિલવાડ કરતા હતા, તેઓ મોજાંનું આ રૌદ્ર રૂપ જોઇને ભાગે છે. પરંતુ કયાં મોજાંઓની અકલ્પનીય ઉંચાઇ અને દૌડ અને કયાં માણસના ટૂંકા કદમો ! એક સાથે હજારો, લાખો જીવ-મનુષ્યો અને અન્ય પ્રાણીઓ જળમાં સમાઇ જાય છે. જળસમાધિ ! જળ એજ કબ્રસ્તાન !

ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, શ્રીલંકા વગેરે દેશો સાથે ભારતે પણ જળની આ તાકાત અનુભવી છે. મારે વાત સરવાળે માણસની કરવાની છે. માણસને સમુદ્રનાં મોજાંઓ સાથે ગેલ કરવાનું ગમે છે. હાથ વડે એના જળ ઉછાળવાનું, એની ભીની સુંવાળી રેતીમાં પગ દાબવાનું ગમે છે. એની સપાટી પર એ તોતીંગ જહાજો ચલાવે છે. પાણીને ભેદતી સબમરીનો ચલાવે છે. અબજો રૂપિયાના માલસામાનની હેરાફેરી કરે છે. લાગે છે એવું જાણે તે દરિયા પર રાજ કરે છે. પરંતુ શું તે દરિયાનાં ઉછળતાં મોજાં પર કાબૂ ધરાવે છે ? મોજાંને પોતાની મરજી મુજબ ઉછાળી શકે છે ?

ના, દરિયાનાં મોજાં ઉત્પન્ન કરવાનું, માણસને આહ્લાદ આપે એવી મોજાંની ફેનિલો રચવાનું તો કયારેક ગર્જના કરતાં મોજાંઓ સર્જી બધું તહસનહસ કરી નાંખવાનું રિમોટ-કન્ટ્રોલ માણસના હાથમાં નથી, અતાગ ઉંડાણ ધરાવતા દરિયાનું પણ તળિયું છે, કયારેક ત્યાં પણ ભૂકંપ થાય છે,જલધિની જલરાશિમાં ઉહાપોહ મચી જાય છે. પહાડો જેવાં મોજાં ઉછળે છે, આ મોજાં કઇ તાકાત ઉત્પન્ન કરે છે ? શું માનવશકિત આ મોજાંને અટકાવી શકે છે ? માણસે આ વીશે વિચારવાનું છે. આ સૃષ્ટિનું તંત્ર એક અને એકમાત્ર શકિતના કબજામાં છે અને તેના નિર્ણયો સમક્ષ માણસનું કશું જ ઉપજતું નથી,એ સત્ય તેણે સ્વીકારવાનું છે.

ઠંડા સમીરની લહેરખીઓ આનંદ આપે છે. ઠંડો અને શીતળ પવન શરીરને સ્પર્શે છે અને થાકેલું શરીર શાતા અનુભવે છે. ઉકળાટ અને ઉષ્ણતા વચ્ચે પવન જ જાણે જીવન બની જાય છે. આંગણામાં વાવેલા છોડ કે વાડાના એકલ દોકલ ઝાડ સમીર થકી ધીમા ધીમા હાલ્યા કરે તો તેમાં દષ્ટિ કેન્દ્રિત કરવાનું ગમે છે. નદી કે સમુદ્ર પરથી આવતો મીઠ્ઠો પવન તાઝગી બક્ષે છે.

પરંતુ આજ પવન તોફાની બની જાય તો ? વંટોળિયો બની જાય તો ? વાવાઝોડું બની જાય તો ? કેટરીના, રીટા કે બીટા બની જાય તો ? પવનમાં કેટલી તાકાત હોય છે. એ માણસે કયાં નથી જોયું ? ઘર પરનાં પતરાં તો શું, આખું ઘર પણ ઉડાડી જાય છે. મંદ મંદ સમીર સાથે ડોલ્યા કરતા વૃક્ષો પવનના ઝંઝાવાતમાં મૂળિયાં સમેત ઉખડી જાય છે. પવનનાં સપાટામાં આવતા

માણસો અને બીજાં પ્રાણીઓ પણ કયાં હેમખેમ રહે છે ? ગાંડુંતૂર બનેલું પાણી બધું જ તાણી જાય છે, તો બેફામ અને છકેલો પવન કયાં કોઇને સલામત રહેવા દે છે ? પવનનો સ્પર્શ ગમે છે. પરંતુ પવનનો બળાત્કાર તો જીવ જ લે છે. આખા નગરને, સમગ્ર ખેતીવાડીને સાફ કરી દે, એનું નિકંદન કાઢી નાખે, એટલી હદે પવન બેલગામ બની જાય છે. સમુદ્રમાં ઉઠતા તોફાનો અને તેને પગલે નિરંકુશ બની જતો પવન ભારે ખાનાખરાબી કરે છે. સૃષ્ટિ પરની કહેવાતી મહાસત્તાને પણ તે હાલકડોલક કરી નાંખે છે.

પવનને અંકુશમાં રાખવાની કોઇ તરકીબ છે માણસ પાસે ? આંધીતૂફાન બનીને બધું ખેદાનમેદાન કરી નાખતા પવનને લગામ પહેરાવવાની તાકાત છે માણસ પાસે ? પવનને કોણ છૂટ્ટો દોર આપે છે ? પવનને કોણ અંકુશમાં લે છે ? એ સત્તા ચોકકસપણે કોઇક પાસે છે- એ જ છેવટની સત્તા છે. એ સત્તા મહા-અતિ મહાશકિતશાળી છે. પવન સામે પરાજિત થઇ જતા માણસે એ સત્તા સામે શરણાગતિ સ્વીકાર્યે જ છૂટકો.

ઇસ્લામે કયામતની વાત કરી છે. કુરઆનમાં વારંવાર કયામતની વાત અલ્લાહપાકે કરી છે. કયામતના દિવસે સૃષ્ટિનું સમગ્રતયા વિસર્જન થશે. પરંતુ કયામત કયારે આવશે તે અલ્લાહપાક જ જાણે છે. કયામત ચોકકસપણે આવશે, એનું બયાન કરીને અલ્લાહપાકે માનવજાતને સાવચેત રહેવા કહયું છે. અલ્લાહનો ખૌફ રાખીને ગમે ત્યારે તેની સામે જીવનભરનો હિસાબ રજૂ કરવા અને પરિણામ સારું આવે તે માટે પૂર્વ તૈયારીઓ કરવા કહયું છે.

પૃથ્વી પર વખતોવખત કુદરતી આપત્તિઓ આવતી રહે છે. ધરતી થોડીક ધ્રુજે છે અને ભયભીત માણસ ઘરબાર છોડીને ભાગે છે, અનરાધાર વરસાદ વરસે છે અને માણસે હાયવોય કરીને એકઠી કરેલી મિલકત પાણી ખેંચી જાય છે, વરસાદ બિલકુલ વરસતો નથી તો માણસને જીવવું દુષ્કર બની જાય છે-તેને તે સ્થળેથી ઉચાળા ભરવા પડે છે, કયારેક તેજ હવા ચાલે છે અને તેના સપાટા-ઝપાટામાં માણસનું અસ્તિત્વ જોખમાઇ જાય છે-સમગ્ર સૃષ્ટિનું સુકાન જેના હાથમાં છે તે આવી વિનાશલીલાઓ પણ કર્યે જાય છે. એમાં પણ તેની હિકમત ભરેલી છે. સર્જન અને વિસર્જનના રહસ્યો તેજ ભણે છે. કયામત તો આવશે જ આવશે, પરંતુ કુદરત દ્વારા સંહારના આ નજારાને મીની કયામતો કહેવું હોય તો કહી શકાય. એક સાથે, એક જ સમયે હજારો અને લાખો માનવ અને ઇતર જીવ શબ બની જાય છે, તેમની ઇમારતો ખંડેર બની જાય છે, આખી વશાવલિનું નામ નિશાન મટી જાય છે, આખો ઇતિહાસ દટાઇ જાય છે- એમાં કયામતનાં રૂપો જ આપણે જોવાં જોઇએ. આવી નાની નાની કયામતો સર્જી સર્વ શકિતમાન અલ્લાહ માણસને સાવચેત કરે છે કે સૃષ્ટિના સમગ્ર તથા વિનાશનો દિવસ - કયામતનો એ મહાન દિવસ પણ અવશ્યપણે ગમે ત્યારે આવનાર જ છે.

છતાં માણસ કયાં સાવધ થાય છે ?કુદરતની શકિત અમાપ છે, અસીમ છે, અગાધ છે. માણસે સાયન્સ -ટેકનોલોજીમાં ખૂબ વિકાસ કર્યો છે. એવો વિકાસ સાધવાની શકિત અને કુશળતા પણ એને કુદરતે જ આપી છે.પરંતુ એનું શ્રેય એ એકલો જ લેવા માંગે છે. ઘણી વખત એ કુદરત સામે પડયો હોય, કુદરત સાથે હામ ભીડી હોય એવું લાગે છે. પરંતુ ત્યાં જ એ પછડાય છે. કુદરતની તાકાત એવી પ્રચંડ છે કે ગર્વિષ્ઠ માણસને એ ખૂબ ઉંચે ચડવા દે છે અને પછી પટકે છે. દુનિયાએ જોયું છે કે બની બેઠેલી મહાસત્તાઓએ પણ કુદરતની લપડાક વારંવાર સહી છે. કુદરત વિરાટ છે, અતિવિરાટ છે. માણસ વામણો છે. સાવ નગણ્ય છે. આકાશમાંથી એક વીજલિસોટો થાય અને માણસ કોલસો થઇ જાય, એટલું એના અસ્તિત્વનું મહત્વ છે ! કુદરત આખા લશ્કરને ડૂબાડી શકે છે અને પથ્થરોનો વરસાદ પણ વરસાવી શકે છે. કુરઆનમાં વર્ણિત આવી સચ્ચાઇ પર આપણું ઇમાન હોય તો એમાંથી બોધ ગ્રહણ કરવાની જરૂર છે. બફામ બનેલા માણસને-માણસ જાતને કુદરત થપ્પડ મારે છે, એને ગબડાવી દે છે, એનું અસ્તિત્વ મિટાવી દે છે. કુદરતને સર્જન કરવામાં સમય નથી લાગતો, તેમ વિસર્જન કરવામાં પણ જરાય સમય નથી લાગતો. અલ્લાહ મહાન છે, બેશક, અલ્લાહ મહાન છે. એની મહાનતા પર આપણું ઇમાન છે. અલ્લાહની મહાનતા પર ઇમાન ધરાવવામાં જ માણસનું માણસજાતનું કલ્યાણ છે. ■

# એક તણખલાની વાત

- હનીફ નાકત (કોંઠ)

હાશ...પાક પરવરદિગારનો લાખ-લાખ એહસાન છે કે મારી ઝરીનાનો અવસર સુખરૂપ પાર ઉતરી ગયો, આજે મારી ઝરીના એક છોકરાની માં પણ બની ગઇ. તારો શુક્ર અદા કરૂં પાક પરવર દિગાર... સવાર સવારમાં આંસુ ભર્યા વદને આયશા ચાચી અલ્લાહનો શુક્ર અદા કરી રહયા હતા, યાકુબ ચાચા હિંચકે બેસી કુર્આન શરીફની તિલાવત કરી રહયા હતા.દિકરી ઝરીના એના બે મહિનાના છોકરાને નવડાવી રહી હતી તો દિકરી રઝીયા ઘરકામમાં પરોવાયેલી હતી. યાકુબ ચાચાને સંતાનમાં બે દિકરીઓજ હતી. મોટી ઝરીના અને નાની રઝીયા... યાકુબ ચાચા ખેડુત હતા. ચાકર રાખીને ઘરની ખેતી સંભાળતા...સુખ શાંતિથી એમનો પરિવાર જીવન પસાર કરી રહયો હતો. દોઢેક વર્ષો પહેલા મોટી દિકરી ઝરીના ને સામેના ગામે લગ્ન કરાવ્યા હતા. એ ચારેક મહિના પહેલા પ્રથમ સુવાવડ માટે માવતર આવી હતી અને આવતી રવિવારે દિકરી ઝરીના ભરેલા ખોળે સાસરે જવાની હતી. સાસરીયેથી ઝરીનાનો દિયર નઝીર ગાડુ લઇને પોતાની ભાભીને તેડવા આવવાનો હતો. ઝરીનાના મનમાં ઉમંગ સમાતો ન હતો ત્યારે માવતરને અને રઝીયાને ઝરીના હવે એના સાસરે જતી રહેશે અને ઘરમાં ખાલીપો વ્યાપી જશે એવો છુપો ભય સતાવતો..

દિવસ ને જતાં કયાં વાર લાગે ? આજે શનિવાર થયો આવતી કાલેતો ઝરીના જતી રહેવાની હતી. આડોશ-પાડોશ ના બૈરાઓ એકળ બેકળ ઝરીનાને મળવા આવી રહયા હતા. અને શનીવારે રાત્રે સહુ આવનારા વિદાય થયા ત્યારે યાકુબ ચાચા એ દિકરી ઝરીનાને હિંચકે બેસાડી...નાનો નવાસો પોતાના ખોળામાં લીધો. આયશા ચાચી અને રઝીયા સામેના પલંગ પર બેઠી હતી કે ચાચા બોલ્યા..બેન ઝરી..ઝરીનાએ એના બાજી સામે જોયુ અને બાજીએ વાત નો તંતુ સાધતા કહયું, બેન ઝરી... જો મારા મનમાં એક વિચાર આવ્યો છે. જો તું રાજી હોય તો, આ તારી નાની બેનને તારા દિયર જોડે પરણાવી દઇએ ? બાજીની આ વાત સાંભળી ઝરીના મરક મરક હસી પડી તો સામે બેઠેલી રઝીયાના ગાલ રતુમડા થઇ ગયા. બાજી એ વાત આગળ વધારી જો દિકરી ઝરી... તારી બેન તારી જોડે હોય તો વધારે સારૂ અને આમ પણ તારા છોકરાને રમાડવા વેવાઇ-વેવાણ આપણે ત્યાં આવ્યા હતા ત્યાં વાત વાતમાં કહેલું પણ કે હવે મારા નઝીર ને પણ પરણાવવાના છીએ અને આમ પણ એઓ છોકરી તો શોધતા જ હશે...મારી ઇચ્છા એવી છે કે આ તારી નાની બહેનજ તારી દેવરાણી બને તો કેમનું ? બાજીની વાત સાંભળી રાજી થતા ઝરીના બોલી...બાજી... મારૂ મન પણ એજ વિચારી રહયું છે કે આપણી રઝીયાની શાદી પણ નઝીર જોડેજ થઇ જાય. ઘરની જ છોકરી ઘરમાં રહે તો ચુલા જુદા જુદા ગોઠવવાની નોબત જ ન આવે. સાચી વાત છે બાજી તમારી.. મને આવતી કાલે સાસરીયે જવા દો. ખુદાને મંજુર હશે તો તમારી આ મનોકામના પણ પૂર્ણ થશે. બાપ દિકરી નાની બહેન રઝીયાના લગ્નની વાત કરી રહયા હતા ત્યારે રઝીયા પણ શરમાય રહી હતી. એ જોતા ઝરીના બહેનને સંબોધીને બોલી કેમ લી... નાની... મારી દેવરાણી બનવા રાજી છે ને ? ઝરીના ના આવા વેધક પ્રશ્ને રઝીયા શરમાઇને પાછળના ઓરડામાં જતી રહી તો આયશા ચાચી બોલ્યા... હા બેન... જો તારો દિયર રાજી હોય અને વેવાઇ-વેવાણ પણ રાજી હોય તો આપણી રઝીયા અને નઝીરની જુગતે જોડી છે. તારા બાજીનો આવો વિચાર મને પણ પસંદ પડયો...તો વળી ઝરીના બોલી...માં આપણે તો બધા તૈયાર છીએ પણ પરણનારી રઝીયાને તો કોઇ પૂછો ? બેન એને વળી શું લગ્ન વખતે જ એણે તારા દિયરને તો પસંદ કરી લીધો છે. એક બે વાર તારા લગ્ન પછી નઝીર આપણે ત્યાં આવી પણ ગયો છે. એને પણ આપણી રઝીયા પસંદ તો છે જ... બસ દિકરી હવે તો તુ કાલે તારે ઘેરથી અને આપણી રઝીયાનું ઠેકાણું પાડી દે એટલે અમનેય હાશકારો થાય... સારૂ માં હું કાલે જાઉં પછી વાત. કાલે ગાડુ લઇને નઝીર જ આવવાનો છે ને મને લેવા... રસ્તે એનું મન પણ હું જાણી લઇશ...માં અને બાજી તમે નચિંત રહો...અલ્લાહ સૌ સારા વાના કરશે...ઝરીનાની વાતે માં-બાપ રાજી-રાજી થઇ ગયા. ઝરીનાનો બે મહિનાનો છોકરો રડવા લાગ્યો એટલે એ એને લઇને પાછળના ઓરડામાં ગઇ. ત્યાં બેઠી બેઠી રઝીયા વાતો સાંભળી રહી હતી એને સીધુ જ ઝરીનાએ કહી દીધુ.કેમરે બહેના.મારી દેવરાણી બનવા તૈયાર છે ને ? મોટી બહેનની આવી વાત સાંભળી રઝીયા ઝરીનાને વળગી પડી.

અને રવિવારે વહેલી પ્રભાતે નવના ટકોરે યાકુબ ચાચાના આંગણે ગાડુ આવીને ઉભુ ... ગાડામાં ઝરીનાના સાસુ-સસરા હતા. ચાકરે ગાડુ છોડયું.. યાકુબ ચાચાએ વેવાઇ-વેવાણને મીઠો મધુરો આવકાર આપ્યો. ઝરીના -રઝીયા અને આયશા ચાચી પણ આગણાંમાં આવ્યા... આવો આવો... વેવાઇ-વેવાણ એમ કહી એમને યાકુબ ચાચા ઘરમાં લઇ આવ્યા. નઝીરને બદલે વેવાઇ સજોડે આવ્યા હતા. એ વાતે સહુને નવાઇ લાગી. વેવાઇ નઝીર આવવાનો હતો ને આમ અચાનક તમો આવ્યા ? યાકુબ ચાચાએ વેવાઇને પૂછયું. હાં... વેવાઇ... આવવાનો હતો તો નઝીર જ પણ તમારૂ કામ પડયું એટલે અમો જ જાતે આવ્યા.. કે વહુને પણ તેડી લાવશું અને કામ પણ પુરૂ કરતા આવશુ. એક કામ ને બે કાજ જેવું.. વેવાઇ એવુ તો શું કામ આવ્યું કે તમારે જાતે આવવુ પડયું. યાકુબ ચાચાએ પૂછયું અરે વેવાઇ જરા શ્વાસ લેવા દો. પછી શાંતિથી વાત કરીશું. ઝરીનાના સસરા બોલ્યા... તરત ચ્હા-નાસ્તો લઇને રઝીયા આવી. નમણી નાગરવેલ જેવી રઝીયાને ઝરીનાની સાસુ એકચીત્તે જોવા લાગી. આટલી વારમાં તો ગામ આખામાં વાત પ્રસરી ગઇ કે યાકુબ ચાચાની ઝરીનાને તેડવા એના સાસુ-સસરા આવ્યા છે. જીવન પર્યંત કોઇને આડે ન આવનારા યાકુબ ચાચા ગામમાં સહુના પ્રિય હતા. યાકુબ ચાચા કંઇ માલેતુજાર ન હતા. પણ ગામના એ માનનિય વ્યકિત હતા. એમની ઝરીના સાસરે જવાની છે એ વાતે ગામની સ્ત્રીઓ પણ એને વિદાય આપવા આવી રહી હતી. અરે ગામના દરબારના પત્નિ રતનબા પણ યાકુબ ચાચાની દિકરીને વળામણાં દેવા આવી ગયા હતા. ભાગ્યે જ કયાંય નિકળતા રાજરાણી રતનબા યાકુબ ચાચાને આંગણે આવી ઉભા ત્યારે સહુ અચરજ પામ્યા. ઝરીનાના સાસુ-સસરા પણ ગામના દરબારની પત્નિને જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા.

જુવો વેવાઇ હવે મુદ્દાની વાત સાંભળો..ઝરીનાના સસરાએ વાતનો તંતુ સાંધતા વાત આગળ વધારી..જુવો વેવાઇ આમ તો આજે નઝીર જ આવવાનો હતો. પણ અમારે આવવાનું એક કારણ હતું એટલે અમો આવ્યા. મારા શાહીદ જોડે ઝરીનાને પરણાવી અને તમારી ઝરીના અમારા ઘરમાં દુધમાં સાંકરની જેમ ભળી ગઇ. તમે આપેલા સંસ્કારથી અમો પ્રભાવિત થયા. વેવાઇ તમારી મોટી દિકરી આટલી ગુણવાન સંસ્કારી છે. તો તામારી નાની દિકરી પણ સર્વગુણ સંપન્ન જ હશે. એ વાત આજે અમને અહીં ખેંચી લાવી છે. જુવો વેવાઇ આમતો અમે ગરીબ માણસો છીએ ખેતી કરીએ...અને સિઝનમાં અમારા હાથપંખે લોકોની જુવાર-તુવેર ઉડાડીએ એમાંજ કળશી બે કળશી જુવાર અમને મળી જાય..ચોમાસામાં મારો નઝીર છત્રીઓ સાંધે.આમ મારો પરિવાર સુખેથી વરહ પાર ઉતારે..વેવાઇ તમારી નાની દિકરી રઝીયા અમને આપી દો.મારા નઝીર માટે...એવી આશાઓ લઇને તમારે આંગણે આવ્યા. વેવાઇની વાત પુરી થઇ એટલે ઝરીના એના બાજી સામે જોવા માંડી. આયશા ચાચી પણ જોવા લાગ્યા. રઝીયા છાના ખુણે આ વાતચીત સાંભળી રહી હતી. એકા એક યાકુબ ચાચા આયશા ચાચીને સંબોધીને બોલ્યા...આયશા વાર કોની જુએ...જા લાપસી બનાવવા માંડ વેવાઇ-વેવાણના મોઢા મીઠા તો કર. અને ફરી યાકુબ ચાચા દિલગીર સ્વરે બોલ્યા... વેવાઇ... આ તો તમારી મહાનતા કહેવાઇ... મારી રઝીયા તમને આપી...બસ તમે તો મારા માથાનો ભાર હળવો કરી નાંખ્યો. અમને તમારા નઝીરનું સગપણ મંજુર છે. આ સાંભળીને ઘરમાં ખુશીનું એક વાતાવરણ ઉભુ થયું. લેતી દેતીની વાત ચીત પતાવી બે મહિના પછી લગ્નની તીથી નકકી કરી બપોરે સહુ લાપસી સાથે ઉમદા ભોજન જમ્યા.

બપોર ઉતરતા ચાકરે ગાડુ જોડયુ. ઝરીનાની વિદાય પ્રસંગે ગામની સ્ત્રીઓ પણ આવી હતી. રડતા સ્વરે ઝરીનાએ બાજીને કહયું...બાજી હું જાઉ... આટલા દિવસો હું રહી મારા નાના દિકરાને તમે હિચકે ઝુલાવ્યો..બાજી તમારો ગુણ કયારેય ભુલાઇ નહીં. આટલું બોલતા ઝરીના ચોધાર આસુએ રડી પડી. નવાસાને પોતાના ખોળામાં લઇને યાકુબ ચાચાએ પાંચ રૂપિયાની નોટ એ નાના બાળકના હાથમાં પકડાવી ત્યારે ઝરીના ફરી બોલી.બાજી રેવા દો. તમે મારૂ આટ આટલું કર્યુ એટલુ જ બસ છે. બાજી કંઇ બોલ્યા નહી એમની આંખો જ વરસી પડી.અંતે રઝીયા ગાડામાં બેસતી ઝરીનાને મારી વ્હાલી આપા કહી રડી પડી... આંગણે ઉભેલી સહુ સ્ત્રીઓ પણ વિદાય વેળાના આંસુ સારી રહી હતી. વેવાઇ-વેવાણ અને ઝરીના ગાડામાં બેઠા..ચાકરે ગાડુ હંકાર્યુ...ગાડુ આંખોથી દેખાતુ ઓજલ થયુ એટલે સહુ એકર બેકર વિદાય થયા. ઘરમાં આવી યાકુબ ચાચાએ આયશા ચાચીને કહયું. આયશા ચાલો હવે રઝીયાને વળાવવાની તૈયારી કરવા માંડો.સમય ઓછો છે. બેજ મહિનામાં લગ્ન ઉભા કરવાના છે. આયશા ચાચી રાજી રાજી થઇ ગયા. ■

# મુસલમાન ગરીબ શા માટે છે ?

- સંકલન:રઝા સોનગઢવાળા

## મહેનત નથી કરવી

મહેનત ન કરવાની વૃત્તિ અને કામ કરવામાં આળસ કરવી એ મુસલમાનોની ગરીબીનું મુખ્ય કારણ છે. એ શકય નથી કે બંદો પ્રમાણિકપણે દિવસમાં આઠ કલાક કામ કરતો હોય અને અલ્લાહ તેની ગરીબીને દૂર ન કરે. પરંતુ હકીકત એ છે કે આર્થિક પ્રવૃત્તિઓ, ધંધો-રોજગાર અને વેપાર કે નોકરીમાં પ્રમાણિકપણે દિવસના આઠ કલાક ન ફાળવવાથી કંગાલિયત, બેરોજગારી અને ગરીબીને મુસલમાને સામે ચાલીને ગળે લગાડીને રાખી છે.

એવા કિસ્સાઓ પણ બને છે કે કામ-ધંધો કે નોકરી છોડી દેવા પાછળ એ કારણ બતાવવામાં આવે છે કે તેમાં કામ અને મહેનત બહુ કરવી પડે છે અથવા સમય બહુ દેવો પડે છે.

દરેક ગરીબ પોતે જ વિચારી જુએ કે, શું તે દિવસના આઠ કલાક નિષ્ઠા અને ખંતથી આર્થિક પ્રવૃત્તિમાં, વેપાર કે ધંધામાં અથવા નોકરીમાં પસાર કરે છે કે નહીં ?

## માંગવાની ટેવ

ઇસ્લામી રિવાયતોમાં સ્પષ્ટપણે એ તાલીમ આપી દેવામાં આવી છે કે, તમે બીજા ઉપર બોજારૂપ ન બનો. તમારો જીવન નિર્વાહ તમે પોતે જ વહન કરો. તમારો અને તમારા કુટુંબનો ખર્ચ તમે પોતે જ ઉપાડી લ્યો.

રિવાયતોમાં તો એટલે સુધી બયાન થયું છે કે, જેવો કોઇ શખ્સ પોતાના માટે માંગવાનો દરવાજો ખોલે છે કે, અલ્લાહ તેના માટે માંગવાના બીજા સિત્તેર દરવાજાને ખોલી નાંખે છે. મતલબ કે માંગણી કરવાથી કાયમી ગરીબી અને મોહતાજીમાં ફસાઇ જવાય છે.

અલ્લાહને એ વાત સખત નાપસંદ છે કે, બંદો તેને મૂકીને બીજા કોઇની પાસે માંગે. તેથી મુસલમાન માટે જરૂરી છે કે, તે બીજાના માલ-દોલત ઉપર નજર ન કરે,અન્યોની આશા ન રાખે. પોતે જ મહેનત કરે, સખત મહેનતુ બને, નીતિ અને નિય્યત સારી રાખે, પ્રયત્નો જારી રાખે,ઇન્શાઅલ્લાહ ધીમે-ધીમે તેની આર્થિક પરિસ્થિતિમાં સુધાર જરૂર આવશે.

## તકદીરનું ખોટું અર્થઘટન

એ સાચી વાત છે કે, અલ્લાહ દરેકની તકદીરના ઘડવૈયા છે. ખુદા જે ચાહે છે તે જ થાય છે, તેમની મરજી મુજબ પાંદડું સુધ્ધાં હલતું નથી. અને મુસલમાને તકદીરમાં આસ્થા જરૂર રાખવી જોઇએ.

પરંતુ આ નાનકડી દુનિયા આલમે અસબાબ છે. અલ્લાહે તેમાં કાયદા-કાનૂન પણ મુકર્રર કરેલા છે. અગર આપણે અલ્લાહે આપેલી તાકત એન અકકલનો ઉપયોગ નહીં કરીએ, તો એ તેની નેઅમતોની નાશુક્રી અને કુફ્રાને નેઅમત ગણાશે.

હકીકતમાં આપણે સખત મહેનત કરવી જોઇએ, સાથે-સાથે દુઆ અને ઇબાદત પણ કરવી જોઇએ અને પછી અલ્લાહે નકકી કરેલા તકદીરી ફેસલા ઉપર રાજી રહેવું જોઇએ. તકદીર ઉપર કેટલીક બાબતો અસરકર્તા બનતી હોય છે, જેમ કે બંદાની નિય્યત, પ્રયત્નની માત્રા, દુઆ,નેકી,સદકો, સિલે રહેમ વગેરે.

તકદીરના અર્થ નિષ્ક્રીય થઇ જવાનો નથી થતો. તકદીનો અર્થ આયોજન કે તદબીરથી અટકી જવાનો નથી, બલ્કે આપણી ક્ષમતા અને શકિત મુજબ પ્રમાણિકપણે પ્રયત્નો અને કામ કરી પછી પરિણામ બાબતે અલ્લાહના ફૈસલાને આવકારવાનો અને સ્વીકારી લેવાનો છે.

મુસલમાન પોતાની ગરીબી માટે અલ્લાહની તકદીર અને કિસ્મતને દોષિત ગણે છે. હકીકત એ છે કે, આ આલમે અસબાબ તરકીબોનું ઘર છે. અહિં કામ કરવું પડે છે, આયોજનો કરવા પડે છે. અને જો એમ ન કરવામાં આવે, તો ગર્ભશ્રીમંત (જન્મથી માલદાર) ઇન્સાન પણ થોડાં દિવસોમાં જરૂર રોડ ઉપર આવી જશે.

ખુદાના ખજાનામાં કોઇ ખોટ નથી. કોશિશ કરનારા અને તેની પાસે માંગનારા જોઇએ.

## શરમ - સંકોચ

કામ - ધંધો કે નોકરી કરવામાં શરમ કરવી એ પણ ગરીબીનું એક મુખ્ય કારણ છે. હકીકત એ છે કે આપણે કામ-ધંધો કે આર્થિક પ્રવૃત્તિમાં મંડી પડવું જોઇએ. ધ્યાન તો ફકત એટલું જ રાખવાનું છે કે, જે કામ આપણે કરવા જઇ રહયા છીએ તે નાજાએઝ તો નથી ને ? અપ્રમાણિકતાથી કે હરામ તરીકાથી તો નથી ને ? ખુદાને નારાઝ કરીને તો નથી ને ?

બસ આટલો ખયાલ કરીને ખંતપૂર્વક લાગી જઇએ,અલ્લાહ પાસે માંગણી કરીએ, શરમ-સંકોચ મુકી દઇએ, તો ગરીબી જરૂર દૂર ભાગી જશે.

મુસલમાને કોઇ કામને નાનું કે હલ્કું ન સમજવું જોઇએ. માલદાર અને શ્રીમંત માણસે પણ પોતાની કારકીર્દીની શરૂઆત નાના કામોથી જ કરી હોય છે.

### મફત સહાય લેવાની ટેવ

સમાજમાં મળતી જુદા-જુદા પ્રકારની સહાય, જેમ કે અનાજ સહાય,મકાન સહાય,શિક્ષણ સહાય,મફત દવા વગેરે લઇ-લઇને આજનો મુસલમાન કમજોર પડી ગયો છે. તેની કમાણી કરવાની શકિત જ મંદ પડી ગઇ છે.

મફત સહાય લઇ-લઇને તેના અંગો નિષ્ક્રીય, ઝમીર મુર્દા અને આબરૂ લીલામ થઇ ચૂકી છે.અફસોસની વાત તો એ છે કે હવે તો તેને સહાય લેવામાં કોઇ શરમ -સંકોચ પણ નથી નડતા. હવે તો તેને માંગવામાં કે સહાય લેવામાં કોઇ નાનમ પણ નથી લાગતી અને જાહેરમાં સહાયની માંગણી કરતો નજરે પડે છે.

સમાજના ધનિક વર્ગે મફત આપી-આપીને ગરીબ મુસલમાનોને પાંગળા અને અપાહીજ બનાવી દીધા છે. બસ હવે તો સહાય લેવી એ જ તેની આર્થિક પ્રવૃત્તિ બની ચૂકી છે. ડોનરો એ જ તેના ગ્રાહક છે અને ગરીબ તરીકે નામ નોંધાવવું અને જુદા-જુદા સહાયના ફોર્મ ભરતા રહેવા એ જ તેની મૂડી છે.

એક સમય હતો કે જયારે સદકો લેનારને શોધવો પડતો હતો અને મુસલમાન ખુદ્દારીથી એમ કહેતો કે, અમને ગરીબી મંજૂર છે, અમે સદકો નથી લેતા. આજે પરિસ્થિતી એ છે કે,મુસલમાન સામે ચાલીને કહે છે કે, અમે સદકો લઇએ છીએ, કાંઇ હોય તો કેજો.

એ તો દેખીતી વાત છે કે, અન્ન તો એની અસર દેખાડે જ છે. મફત સહાય લઇ-લઇને મુસલમાનની વિચાર-શકિત મંદ પડી ગઇ છે. તેની આગળ વધવાની કે પ્રગતિ કરવાની ઇચ્છા જ મરી પરવારી છે. હવે તો તે ગરીબ જ રહેવા ઇચ્છે છે, કારણ કે જો તે ગરીબ નહીં રહે, તો પછી તેને સહાય આપશે કોણ ? ગરીબીનું લેબલ એ જ તેનો ટ્રેડમાર્ક  છે અને ગરીબીની જાહેરાત એજ તેની પ્રોડકટ-બ્રાન્ડ છે.

### વેપાર પ્રત્યે અણગમો

અલ્લાહ તઆલાએ વેપારમાં રોઝીના ખજાના મૂકેલા છે. માલદાર થવાનો પ્રમાણિક માર્ગ વેપાર (ટ્રડીંગ) છે. જે આર્થિક પ્રવૃત્તિમાં ખરીદ-વેચાણ સંકળાયેલ હોય છે, તેમાં આર્થિક વિકાસની શકયતા અનેકગણી વધી જાય છે.

પરંતુ અફસોસની વાત તો એ છે કે, મુસલમાનોને વેપાર પ્રત્યે અણગમો થવા લાગ્યો છે. તેને બીજાના નોકર બનીને રહેવું છે. તેને ટેબલ-ખુરશીવાળી અને કમ્ફર્ટ ઝોનવાળી નોકરી કરવી છે. નોકરી એક મર્યાદિત આર્થિક પ્રવૃત્તિ છે. તેમાં વિકાસની તકો મહેદૂદ છે. નોકરીયાત માણસની રોઝીનો ઝરીયો તેનો પગાર હોય છે. જયારે વેપારમાં રોઝીના અસંખ્ય માર્ગો રહેલા છે.

મુસલમાન ખરેખર જો ગરીબીને દૂર કરવા માંગતો હોય, તો તેણે નોકરીને બદલે વેપારને અગ્રતા આપવાની જરૂર છે. એ વાત સાચી છે કે, વેપારમાં સંઘર્ષ બહુ કરવો પડે છે, રાત-દિવસ એક કરવા પડે છે, જોખમ લેવું પડે છે, પરંતુ તેના ફળ પણ એટલાં જ મીઠાં મળે છે. આર્થિક સ્વાવલંબીપણું વેપાર મારફતે ઝડપથી મળે છે.

વધુ માહિતી અને અભ્યાસ માટે ગુજરાતી પુસ્તક નોકરીનું વાંચન કરવા વિનંતી (જુઓ: હાદી લાયબ્રેરીમાં વિભાગ ઇકોનોમીકસ)

### હિજરત નથી કરવી

અગર વતનમાં ધંધો-રોજગાર બરાબર નથી ચાલી રહયા અથવા પગાર ઓછો છે, તો નિષ્ક્રીય ન થઇ જાવ. વેપાર-રોજગાર કે આર્થિક વિકાસ માટે અગર હિજરત કે સ્થળાંતર કરવું પડે, તો એમ પણ કરો. હઝરત રસૂલેખુદા (સ.અ.) પોતે પણ વેપારી કાફલાની સાથે એક દેશથી બીજે દેશ જતા હતા.

આજનો મુસલમાન પોતાની ગરીબી ઉપર રાજી છે. તેને ખુદા ઉપર ભરોસો નથી. તેને બીજે સ્થળે જતાં ડર લાગે છે. તે કમ્ફર્ટ ઝોનનો આદી થઇ ગયો છે. તેને અલ્લાહના રાઝીક હોવા ઉપર યકીન ઓછું થઇ ગયું છે.

મુસલમાન વેપારીઓ માટે જરૂરી છે કે, તેઓ સમયાંતરે વેપારઅર્થે પ્રવાસો કરતા રહે. ફકત પોતાની ઓફિસ, દુકાન કે ફેકટરીમાં બેસી ન રહે. કહેવત છે ને કે ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે.

બે-ચાર રૂપિયાની ફેરી કરતો વેપારી જયારે માલદાર થઇ જાય છે, ત્યારે લોકો તેને શેઠ કે સર કહેવા માંડે છે. મોટા-મોટા અધિકારીઓ તેની મુલાકાત લે છે. બેન્કો સામે ચાલીને તેને નાણા લઇ જવાનું કહે છે. આ છે માલની અસર ! આજનો મુસલમાન હજુ આ બાબતથી બેખબર અને રસ્મો-રિવાજમાં અટવાયેલો પડયો છે. **(ક્રમશ)**

## ..સ્વપ્નોને હંમેશા પ્રકાશિત રાખો..

આપણે સહુ ૨૧મી સદીમાં જીવનાર દરેક વ્યકિતઓ સ્વપ્નો તો બહુ જોઇએ છીએ પણ તેને પૂર્ણ કરવા માટે કટિબધ્ધ બનતાં નથી. અને જો સ્વપ્ન ફકત તે વ્યકિતની આંતરિક અવસ્થાને પ્રફ્ફુલ્લિત રાખવા માટે કે મોજમાં રાખવા માટે જોવાય અને તેનું કોઇ સાતત્ય કે સચ્ચાઇ જ ન હોય તો એવાં સ્વપ્નો ફકત અને ફકત દિવા સ્વપ્નો છે જે મનને આનંદ તો આપી શકે પણ સમાજ જીવનમાં તેની કોઇ મહત્વતા જોવાં મળતી નથી. આપણા જીવનની મસમોટી સમસ્યા એ છે કે આપણે આપણને જ ઓળખી શકયા નથી. આપણે એ વિચાર શુધ્ધા કરતાં નથી કે આપણા અંદર શું પડેલું છે! આપણે ખુદ જે સારૂ આપણી અંદર પડેલું છે એની ફીકર કે એની કદર કરવા કરતાં બીજામાં શું નબળું કે ખરાબી કે ખામી છે તે શોધવાની ફીરાકમાં વધારે રહીએ છીએ.

એક ચોર હતો જે ટ્રેનમાં સફર કરી તેનાં સહયાત્રીઓની કિંમતી વસ્તુઓ પૈસા, ઘરેણાં કિમની ઘડિયાળ વગેરેની ચોરી કરતો. એક વખત એક શેઠ પોતાનાં વેપાર માટેનાં હીરા લઈ તે ટ્રેનમાં બેઠાં. સફર લાંબો હતો. છેક દિલ્હીથી મુંબઇ સુધી. જેમાં લગભગ બે દિવસ નીકળી જાય. ચોરને તેમની પાસે હિરા હોવાની ભનક લાગી ગઇ. તેથી હવે તે શેઠ પર નજર રાખવા લાગ્યો. ચોર બપોરે સુઇ ગયો કારણ કે રાત્રે તેણે જાગવાનું હતું. શેઠ બપોરે જાગતા રહયા. દિવસ પસાર થયો અને રાત થઇ. શેઠ ભોજન પતાવી ત્વરીત સુઇ ગયાં અને ચોર ચોરી કરવા માટે જાગતો રહયો. મોડી રાત્રે તેણે શેઠનાં બધાં ખિસ્સા ફંફોડ્યાં પણ તેને કંઇ પણ મળ્યું નહી. તે ખુબ આશ્ચર્ય પામ્યો અને વિચારવા લાગ્યો કે હિરા ગયાં ક્યાં ? તેને હિરા મળ્યા નહીં. તે હારીને એમ વિચારી કે હજી મોકો મળશે વહેલી સવારે સુઇ ગયો. શેઠ વહેલી સવારે ઉઠયાં અને ફ્રેશ થઇ ટ્રેનવાળી પોતાની દીનચર્યામાં લાગી ગયાં લગભગ ૧૦ ના ગાળે ચોર ઉઠયો તેની નિષ્ફળતા તેનાં ચેહરા પર સાફ દેખાતી હતી. તે ફરી હિરા લૂંટી લેવાની ફિરાકમાં હતો. દિવસ પસાર થયો ને બીજી રાત આવી. તેણે પ્રયાસ કર્યો પણ તે ફરીથી નિષ્ફળ ગયો. હવે તે ખુબ હેરાન થયો અને ફાંફે ચડ્યો. પણ કશું ઉગ્યું નહીં. ને વહેલી સવારે મુંબઇ સેન્ટ્રલ આવી ગયું. ચોરને તેની પહેલી વખત મળેલી નિષ્ફળતા પર ખુબ જ અફસોસ હતો. પણ જતાં જતાં શેઠે તેને એટલું કહયું કે ભાઇ તમે મારા કિંમતી હિરાને સાચવ્યા તે બદલ આપનો આભાર. ચોરને કંઇ સમજાયું નહી. તેણે સીધું પૂછી નાંખ્યું કે પણ શેઠ હિરા કયાં હતાં એ તો કહો ? તો શેઠે જવાબ વાળ્યો કે મેં તારા ખિસ્સામાં જ સંતાડ્યા હતાં. શેઠની આ વાત સાંભળી તે અવાક્ બની ગયો. અને વિચારવા લાગ્યો કે હિરા મારા ખિસ્સામાં જ હતાં!

હકિકતમાં આ વાર્તાનું પાસું નકારાત્મક છે પણ એનું મોરલ હકારાત્મક છે. ચોરી એક ખુબ ધૃણાસ્પદ અને નકારાત્મક બાબત છે પણ આનું તારણ એ છે કે, આપણી પ્રગતિ એટલા માટે નથી થતી કે આપણે બીજાની થાળીમાં, બીજાનાં કોળીયામાં,બીજાનાં પહેરણમાં, બીજાની રીત - ભાતમાં , બીજાની પ્રવૃત્તિમાં અને બીજાઓની લાઇફ સ્ટાઇલમાં વધારે રસ લઇએ છીએ અને રસ પણ ખામીઓ શોધવા અને ભૂલો શોધવાં માટે જ લેવામાં આવે છે. બીજાનાં ફોલ્ટ શોધવા શોધવામાં જીંદગીમાં ફાઉલ પ્લેય તરફ આગળ વધી જાય છે જેની ખુદને જાણ શુધ્ધાં થતી નથી.

આપણે સહુ સ્વપ્નો તો જોઇએ છીએ પણ તે પૂર્ણ કરવા માટે સતર્ક બનતાં નથી. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતનાં મીસાઇલમેન એવાં ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામનાં શબ્દોમાં કહું તો, ડુ નૉટ ટૅક રેસ્ટ આફટર યૉર ફર્સ્ટ વીકટરી , બીકૉઝ ઇફ યુ ફૅઇલ ઇન સૅકન્ડ મોર લીપ્સ આર રેડી ટુ સેય ફર્સ્ટ વીકટરી વૉઝ ઓન્લી જસ્ટ લક. આપણે સહુ સ્વપ્નો જોઇએ છીએ પણ

સાથે આપણે તો આરામ છોડવા માટે પણ તૈયાર નથી. અને આ બંને બાબતો સાથે તો શક્ય ન જ બને. બીજું કે આપણા મગજની બીજી એક મનોધારણા એ પણ છે કે આપણી સ્વપ્ન પ્રત્યેની વ્યાખ્યા જ ખોટી છે. આપણે સમજીએ છીએ કે જે રાત્રે ઊંઘમાં આવે એ સ્વપ્ન છે. પણ ના, રાત્રે ઊંઘમાં આવે એને સ્વપ્ન ન કહેવાય. સ્વપ્ન તો તેને કહેવાય જે ઊંઘ ઉડાડી દે. જો તમે તમારા જીવનમાં લક્ષ નક્કી કરો ને તો એ તમને જંપીને બેસવા ન દે અને નિરાંતે સુવા પણ ન દે. પણ અફસોસ...સદ્ અફસોસ આપણા જીવનનાં તો કોઇ ધ્યેય જ નક્કી નથી, કોઇ લક્ષ્યો જ નિયત નથી. સ્વપ્ન જોવું શક્ય સારી બાબત છે પણ તે પૂર્ણ કરવા માટે કે પછી લક્ષ્ય પ્રાપ્તિ માટે મંડી પડવું એ સાર્થક જીવનની પાયાની ઇંટ છે.

કુર્આન આ વાતને વધુ ઉજાગર કરે છે કે, અલ્લાહ કોઇ પણ કોમનાં હાલાત ત્યાં સુધી નથી બદલતાં જયાં સુધી તે કોમ પોતાને બદલવાનાં પ્રયાસો નથી કરતી. અને બદલાવનાં પ્રયાસો એ દિની તઅલીમાતનાં સંદર્ભા હોય કે પછી દુન્યવી શિક્ષણનાં સંદર્ભમાં. તેથી પોતાને કઇક આગળ ધપાવવાનાં પ્રયાસો તો આપણે જ કરવા પડશે. આપણી પડતીનાં કારણો આ જ છે. નિઃસંદેહ સાચી વાત છે કે, જેટલાં તઅલીમથી દૂર થતાં જઇશું ને તેટલા પ્રમાણમાં અસામાજિક બાબતો વ્યાપ જીવનમાં, સમાજમાં, રાષ્ટ્રમાં અને વિશ્વમાં વધતો જશે. અને એ બાબતે આપણે આપણી જાત માટે વિનાશક બનીશું અને આપણી દરેક આવનારી પેઢી માટે વિનાશનું નિમિત બનીશું.

તમે તમારા લક્ષ્યોને નજર સમક્ષ રાખીને ભલે ધીમી ગતિએ પણ પ્રબળ આત્મવિશ્વાસ સાથે આગળ વધો. લક્ષ્ય સામે હશે અને ચતુર મેહનત સાથે તમે આગળ વધશો તો કોઇ પણ પરિબળો કે અવરોધો તમારા માટે અવરોધક બનશે નહી. શાસ્ત્રો અને ધર્મ ગ્રંથોનાં વિવરણ પ્રમાણે મેહનત કરવી આપણાં હાથમાં છે અને ફળ આપવું એ કુદરતનાં પક્ષે છે. અને તે કોઇનું ઉધાર રાખતો નથી. પોતાની આવડત અનુસાર સ્વપ્ન જુઓ અને તેને પરીપૂર્ણ કરવા માટે કમર કસીને પ્રયત્નશીલ બનો. આપણી સૌથી મોટી વિટંબળા એ છે કે, આપણે આપણી જાતને જ નથી ઓળખતા. અને આપણામાં પડેલી વિશિષ્ટ શકિતઓને આપણે જ પારખી શકયા નથી. ને જે આદર્શ કૌશલ્યો આપણામાં પડેલા છે તેનાથી આપણે જ અજાણ છીએ. ઇલ્મ, જ્ઞાન, આવડત, હૂનર અને કૌશલ્યો એ એવા માણેક અને એવા પારસમણિ છે જેનો જો યોગ્ય રીતે અને યોગ્ય સમયે વપરાશ ન કરવામાં આવે તો તેમાં ઝંગ લાગી જાય છે. બીજું જે સફળતા માટેનાં સ્વપ્નો આપણે જોઇ રહયા હોઇ તે માટે સૌથી પહેલાં હકારાત્મક અભિગમ કેળવો. અને સાથો સાથ મગજની તમામ ઊર્જા શકિતને તમારા લક્ષ્ય માટે કામે લગાડો. તમારા મગજની સંપૂર્ણ ઊર્જા એક નિશ્ચિત લક્ષ્ય પર કેન્દ્રિત થયેલી હોવી જોઇએ. અને સાથે તમને તમારા લક્ષ્ય પ્રાપ્તિ માટેની તીવ્ર લાલસા પણ હોવી જોઇએ. અને એવી કોઇ પણ ભાવના જે તમને તમારા લક્ષથી વિચલીત કરતી હોય તો એવી ભાવનાનાં વહેણમાં વહી જવાને બદલે ત્યારે પણ તમે તમાર મનને અને તમારા અંતર આત્માને તમારા લક્ષ પર કેન્દ્રિત કરી શકો ત્યારે તમને લક્ષ્યપ્રાપ્તિ અને સફળતાનું સાચું રસપાન માણવા મળે.

માણસ જેટલું પોતાનાં વર્તન વ્યવહારથી નથી શીખતો એટલું તે પોતાનાં વિચારો અને તેનાં મનની એકાગ્રતા અને અનુભવોથી શીખે છે. તમારા મનની એકાગ્રતા એટલી હદે વિકાસ પામેલી હોવી જોઇએ કે તે કોઇ પણ સારી નરસી પરિસ્થિતિમાં તમને તમારા લક્ષ્યથી વિચલિત ન થવાં દે. શારિરીક રીતે અપંગતા હોય એ જણાય આવે છે પણ આપણી મનની અપંગતાને આપણે પારખવી પડે છે. ફકત સ્વપ્નો જોવાં અને તે પૂર્ણ કરવા માટે કટિબધ્ધ ન થવું એ મનની અપંગતા કેહવાય. તેથી સ્વપ્નોને હંમેશા પ્રકાશિત રાખો.

(પટેલ મ.સાલેહ મકબુલહુશેન-નૂર લિંડીયાતવી)

# આંખો ખોલનાર પ્રમાણ

કુર્આન પોતાની સત્યતા ધાર્મિક આસ્થાના માપદંડથી નથી મનાવતો, પરંતુ તેની સત્યતા ચકાસવાનું આહ્વાન કરતા કહે છે, શું આ લોકો કુર્આન ઉપર વિચાર નથી કરતા ! જો આ અલ્લાહ સિવાય કોઇ બીજા તરફથી હોય તો આમા ઘણાં વિરોધાભાસી વર્ણનો જોવા મળત. (કુર્આન ૪ : ૮૨)

આ અલ્લાહનો ખુલ્લો પડકાર છે કે સમગ્ર કુર્આનમાં કયાંય વિરોધાભાસી વર્ણનો નથી શોધવું હોય તો તમે શોધી શકો છો. આ પડકાર બાદ કુર્આન દાવો કરે છે.

અમે (અલ્લાહ) ટૂંક સમયમાં બ્રહમાંડમાં અને સ્વયં તેમની જાતોમાં અમારી નિશાનીઓ બતાવીશું જેનાથી તેમની સમક્ષ તે વાત સ્પષ્ટ થઇ જશે કે ખરેખર આ (કુર્આન) જ સત્ય છે. (કુર્આન ૪૧ : ૫૩)

આ (કુર્આન) જ સત્ય છે નો દાવો કરનાર કુર્આનમાં ભરપુર પ્રમાણો મોજુદ છે. કુર્આનમાં ૬૦૦૦ ઉપરાંત આયતો (નિશાનીઓ) છે તેમાંથી ૧૦૦૦ જેટલી આયતો વૈજ્ઞાનિક સંશોધન તરફ ધ્યાન દોરે છે. તેમાં એવી વાતો કહેવાઇ છે જે કોઇ પણ મનુષ્ય ૧૪૦૦ વર્ષ પહેલા કહી શકે નહીં. આ આયતો (નિશાની) પ્રમાણ આપે છે કે આ નિશાનીઓ સર્જનહાર સિવાય કોઇ પણ મનુષ્ય બતાવી શકે નહીં. એ પ્રમાણે જોવા માટે જુઓ પત્રિકા ચમત્કારોનો ચમત્કાર કુર્આન ડૉ.જાકીર નાઇક કૃત પુસ્તક કુર્આન એન્ડ મોડર્ન સાયન્સ અને મોરીસ બુકેલ કૃત બાઇબલ, કુર્આન અને વિજ્ઞાન. (ગુજરાતી અનુવાદ)

દરેક ધર્મગ્રંથોમાં એના પછી આવનાર અંતિમ સંદેશવાહક વિશે ભવિષ્યવાણીઓ આપવામાં આવી છે અને કહેવાયું છે કે જયારે તે અંતિમ સંદેશવાહક આવી જાય તો તેનું જ અનુસરણ કરવુ.

હિંદુ ધર્મગ્રંથોમાં કલ્કી અવતાર એજ મુહમ્મદ (સ.અ.વ.) પયગમ્બર આ પુસ્તક પંજાબ યુનિ. ના ડૉ. વેદ પ્રકાશ ઉપાધ્યાયે લખ્યું છે અને તેમણે આ વાત સાબીત કરી છે કે કલ્કી અવતાર એ જ મુહમ્મદ (સ.અ.વ.) છે. તેમણે વેદો અને પુરાણોના હવાલા આપ્યા છે. તેમાંથી આપણે ફકત એક જ ભવિષ્ય પુરાણનો હવાલો જોઇએ. એક મલેચ્છ (વિદેશી) આવશે જેનું નામ મહામદ (મુહમ્મદ) હશે. તે પોતાના સાથીઓ જોડે આવશે. તે લોકોને સાચી દિશા બતાવશે. રાજા ભોજ તેઓને માન આપશે. આ વ્યકિત આર્યધર્મનો ફેલાવો કરશે. તેમના અનુયાયીઓ દાઢી રાખશે પરંતુ માથે ચોટલી રાખશે નહીં. બાંગ (અઝાન) પોકારીને લોકોને સમૂહ પ્રાર્થના માટે બોલાવશે તેમના પુરૂષો ખત્ના કરાવશે. વિશ્વમાં એક ક્રાન્તિ લાવશે. માંસાહાર કરશે પરંતુ સુવ્વરનું માંસ ખાશે નહીં. (ભવિષ્ય પુરાણ પર્વ-૩, ખંડ-૩, અધ્યાય-૩, શ્લોક ૧૦ થી ૨૭)

બાઇબલમાં ઇસુ ખ્રિસ્ત કહે છે હજી મારે તમને ઘણી વાતો કહેવાની છે. પણ હમણાં તે તમે ખમી શકતા નથી. તો પણ સત્યનો આત્મા તે જયારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે. કેમકે પોતાના તરફથી બોલશે નહીં, પણ જે કંઇ તે સાંભળશે તે જ તે બોલશે અને જે જે થનાર છે તે તમને કહી દેખાડશે. તે મને મહિમાવાન કરશે, કેમ કે મારું જે છે તેમાનું લઇને તે તમને કહી દેખાડશે. (યોહાન ૧૮ : ૧૨ થી ૧૫)

ઇસ્લામ અને મુહમ્મદ પયગમ્બર (સ.અ.વ.) વિશે થોડું પણ જ્ઞાન ધરાવનાર આ ભવિષ્યવાણીઓ વિશે શંકા વગર કહી શકે છે કે આ ભવિષ્યવાણી ઇસ્લામ અને મુહમ્મદ પયગમ્બર (સ.અ.વ.) વિશે જ છે. જે સત્યપ્રેમી છે તેને માટે આનાથી વધુ આંખો ખોલનાર પ્રમાણોની જરૂરત છે. ■

## ટાઇમ બેન્ક

જયારે એક વ્યકિત સ્વિત્ઝર્લેન્ડ ગઇ હતી ત્યારે એણે ત્યાં એક શાળા નજીક ભાડે ઘર રાખ્યું. ઘરની માલકણ ૬૭ વર્ષની ક્રિસ્ટિના એક નિવૃત્ત શિક્ષિકા હતી જેણે વર્ષો સુધી ત્યાંની માધ્યમિક શાળામાં અનેક વિદ્યાર્થીઓને ભણાવ્યાં હતા. સ્વિત્ઝર્લેન્ડમાં પેન્શનની સુવિધા ઘણી સારી છે. ક્રિસ્ટિનાને પણ ઘણું સારું પેન્શન મળતું હતું અને તેને જીવન નિર્વાહની કોઇ ચિંતા નહોતી.

છતાં તેણે ૮૭ વર્ષના એક એકાકી વૃધ્ધની કાળજી રાખવાનું કામ સ્વીકાર્યું હતું. મેં ક્રિસ્ટિનાને પૂછયું શું તે પૈસા માટે આ કામ કરી રહી હતી ?

તેના જવાબે મને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકયો. તેણે કહયું, હું આ કામ પૈસા માટે નથી કરતી પણ હું મારો સમય ટાઇમ બેન્કમાં જમા કરાવું છું. જયારે હું ઘરડી થઇશ અને હલન ચલન કરવા અસમર્થ બની જઇશ ત્યારે હું ટાઇમ બેન્કમાંથી એનો ઉપાડ કરી શકીશ.

પહેલી વાર મેં ટાઇમ બેન્ક વિશે સાંભળ્યું. મને ઉત્સુકતા થઇ અને મેં એ વિશે વધુ જાણવા રસ દાખવ્યો.

મૂળ ટાઇમ બેન્ક સ્વીસ ફેડરલ મિનિસ્ટ્રી ઓફ સોશિયલ સિકયોરિટી દ્વારા વિકસાવાયેલો એક વૃધ્ધાવસ્થા માટેનો પેન્શન કાર્યક્રમ હતો. લોકો જયારે જુવાન હોય ત્યારે ઘરડાં લોકોની સેવા કરી સમયને જમા કરે અને પછી પોતે ઘરડાં થાય કે માંદા પડે કે અન્ય કોઇ કારણ સર જરૂર પડે ત્યારે તેનો ઉપાડ કરવાનો.

ઉમેદવાર તંદરુસ્ત, સારી વાકછટા ધરાવનાર અને પ્રેમથી સભર હોવો જોઇએ. રોજ તેમણે જરૂરિયાતમંદ વ્યકિતની કાળજી રાખવાની અને તેને મદદ કરવાની.

જેટલો સમય તે સેવા આપે તે એના સોશિયલ સિકયુરિટી સિસ્ટમના વ્યકિતગત ટાઇમ એકાઉન્ટમાં જમા થાય.

ક્રિસ્ટિના અઠવાડિયામાં બે વાર કામે જતી. દરેક વખતે બે કલાક ૮૭ વર્ષના પેલા વૃધ્ધની મદદ કરવા, તેમના માટે ખરીદી કરવા, તેમના ઘરની સાફ સફાઇ કરવા, તેમને સૂર્ય પ્રકાશમાં આંટો મારવા લઇ જવા, તેમની સાથે વાતો કરવા.

કરાર મુજબ, તેની એક વર્ષની સેવા બાદ, ટાઇમ બેન્ક તેના કુલ સેવાના કલાકોની ગણતરી કરી તેને એક ટાઇમ બેન્ક કાર્ડ આપશે.જયારે તેને મદદની જરૂર પડે ત્યારે તે આ કાર્ડનો ઉપયોગ કરી વ્યાજ સાથે જમા થયેલ સમયનો ઉપાડ કરી શકશે.

માહિતી ચકાસ્યા બાદ ટાઇમ બેન્ક તેને મદદ કરી શકે એવા ખાતેદારને હોસ્પિટલ કે તેના ઘેર મોકલી આપશે.

એક દિવસ હું શાળામાં હતો અને અને ક્રિસ્ટિનાનો ફોન આવ્યો કે તે ઘરમમાં બારી સાફ કરતાં ટેબલ પરથી પડી ગઇ છે. મેં અડધી રજા મૂકી ઘેર દોટ મૂકી અને ક્રિસ્ટિનાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી. તેને પગની એડીએ ઇજા પહોંચી હતી અને થોડા સમય સુધી ખાટલે આરામ કરવાની ફરજ પડી.

મને જયારે ચિંતા થઇ કે હવે તેનું ધ્યાન કોણ રાખશે ત્યારે તેણે તરત મને ચિંતા ન કરવા જણાવ્યું. તેણે ટાઇમ બેન્ક માં ઉપાડની અરજી કરી દીધી હતી ! બે જ કલાકમાં એક સ્વયંસેવક હાજર પણ થઇ ગયો ક્રિસ્ટિનાની સેવામાં. ટાઇમ બેન્કે વ્યવસ્થા કરી હતી તેની.

એ પછી એક મહિના સુધી, તે સ્વયંસેવકે ક્રિસ્ટિનાની ખૂબ સારી કાળજી રાખી, રોજ તેની સાથે સમય પસાર કર્યો, વાતો કરી તેના માટે સ્વાદિષ્ટ ખાવાનું બનાવ્યું. એક મહિનામાં તો આ સ્વયંસેવકની દેખરેખ હેઠળ ક્રિસ્ટિના સંપૂર્ણ સ્વસ્થ થઇ ગઇ.

સાજા થયા બાદ ક્રિસ્ટિના ફરી કામે લાગી ગઇ. તેની ઇચ્છા હતી કે તે જયાં સુધી તંદુરસ્ત છે ત્યાં સુધી આ રીતે કામ કે સેવા કરી શકય એટલો વધુ સમય ટાઇમ બેન્કમાં જમા કરી શકે.

સ્વિત્ઝર્લેન્ડમાં વૃધ્ધોની મદદ માટે ટાઇમ બેન્કનો ઉપયોગ પ્રચલિત છે. આ પ્રથા માત્ર દેશના પેન્શન ખર્ચાઓને જ નથી બચાવતી પણ અન્ય સામાજીક સમસ્યાઓનો પણ ઉકેલ લાવે છે.

ઘણાં સ્વીસ નાગરિકો આ ઓલ્ડ એજ પેન્શન પ્રથાને ઉત્સાહભેર આવકારે છે અને તેનો ભાગ બનવા ટાઇમ બેન્કમાં જોડાય છે. સ્વીસ સરકારે ટાઇમ બેન્ક પેન્શન યોજનાને લગતો કાયદો પણ પાસ કર્યો છે.

આપણે ત્યાં પણ આવી ટાઇમ બેંન્ક હોય તો ? ■

# અંગ્રેજી ભાષા અને મુસ્લિમ વિશ્વ

**- હઝરત મૌલાના અબ્દુર્રહીમ જયપૂરી**

એક વર્ષનો ઇંગ્લિશ સ્પિકિંગ અભ્યાસ મદ્રેસાના સ્નાતકો (ઉલ્માઓ) માટે શરૂ કર્યો છે. ઇસ્લામનું સાચા અર્થમાં અર્થઘટન કરવા સક્ષમ બનવા માટે, ભાષણ અને લેખન દ્વારા ફરજોને શ્રેષ્ઠ રીતે પાર પાડવા. ઇસ્લામ વિરૂધ્ધ ફેલાયેલી ગેરમાન્યતાઓ અને શંકાઓને દૂર કરવા માટે અંગ્રેજી ભાષા શીખવી આવશ્યક છે. ઉલ્માઓ અંબિયાના વારસદાર છે. નબી સ.અ.વ. આખરી નબી છે. એમની શરીઅત ઇન્સાનો સુધી પહોંચાડવાની જવાબદારી આલીમોની રહે છે. પ્રચાર પ્રસાર કરવાની જવાબદારી છે. દુનિયાની તમામ ભાષાઓમાં નિપુણતા હાંસલ કરે, વિવિધ ભાષાઓ બોલવામાં આવે છે અને નવી જન્મ લેતી ભાષા બોલાતી રહેશે જેથી દરેક વિસ્તારમાં એવા ઉલ્માઓ અને ધાર્મિકતા અસ્તિત્વ ધરાવતા હોય તે દરેક વિસ્તારની ભાષાની લખવા બોલવા સક્ષમ હોય. કુર્આનની સુરતનો ભાવાર્થ કે અમોએ હંમેશા રસુલ મોકલ્યા છે, દરેક કૌમની ભાષા જાણનારા છે જે સ્પષ્ટ બયાન કરે. અલ્લાહની વાત જાણે.

આજે દુનિયાની તમામ ભાષાઓમાં ઇસ્લામી તાલીમને જાહેર કરવા અને મુસલમાનોના વિરોધમાં તર્કબધ્ધ રીતે ફેલાવાય રહેલા શંકા-કુશંકા અને ગેરસમજ દૂર કરવાની જવાબદારી ઉલ્માએ કિરામની છે કારણકે અંબિયા અલયહિસ્સલામના વારસદારો છે.

ઇસ્લામ એક શુધ્ધ હેતુ માટે તમામ ભાષાઓ શીખવાની પરવાનગી આપે છે. ઇસ્લામ એક સંપૂર્ણ મઝહબ છે જેમાં જીવનનું કોઇ એવું ક્ષેત્ર બાકી રાખ્યું નથી કે છોડી દેવામાં આવ્યું નથી જયાં માર્ગદર્શન આપ્યું નહોય. ઇસ્લામ કયામત સુધી આવનારા તમામ ઇન્સાનો માટે આવ્યો છે. અલ્લાહ તમામ દુનિયાનો માલિક છે. દુનિયાની તમામ ભાષાઓ જે અસ્તિત્વમાં આવી ચૂકી છે અને ભવિષ્યમાં અસ્તિત્વમાં આવશે એ બધાથી અલ્લાહ ખૂબ જ પરિચિત છે. અલ્લાહતઆલાએ ભાષાના અસ્તિત્વને પોતાની નિશાનીઓમાં સામેલ કર્યો છે. સૂરે રૂમની આયાત છે ભાવાર્થ અલ્લાહતઆલની નિશાનીઓમાંથી એ છે કે આસમાનો પેદા કર્યા, જમીન બનાવી, વિવિધ ભાષાઓને પેદા કરી અને રંગબેરંગી ઇન્સાનો પેદા કર્યા. બુખારી શરીફની હદીસમાં છે કે અલ્લાહના રસુલ સ.અ.વ. એ કહયું કે બેશક તમામ ભાષાઓ અલ્લાહ ખૂબ જ સારી રીતે જાણે છે. હદીસ અને સિરતની કિતાબોમાં જાણીતું છે કે ગજવએ બદરના મુશરિક જેમણે મદીના પર હુમલો કર્યો હતો, તેમને હુકમ આપ્યો કે તમે દશ દશ બાળકોને લખવા વાંચવાનું શીખવો તો તમને છોડી દેવામાં આવશે. તેમની મુકિત થઇ જશે. હઝરત ઝૈદ ઇબ્ને સાબિત રદિ. એજ રીતે લખવાનું શીખ્યા હતા. ઘણી ભાષાઓના જાણકાર હતા. યહુદીઓને પત્રો મોકલવામાં આવતા અથવા એમની પાસે જે કોઇ પત્રો આવતા એ વાંચી લખી લેતા હતા. નબવી સમયમાં રાજકીય દસ્તાવેજની આપલે શરૂ થઇ હતી. આપ સ.અ.વ. સહાબાઓમાંથી કેટલાંકને એશિયા અને આફ્રીકાની ભાષાઓ શીખવાનો આદેશ આપ્યો હતો. ભાષા પછી તેમને પ્રતિનિધિઓ અને પ્રવકતા તરીકે નિયુકત કર્યા હતા. હઝરત અબ્દુલ્લા ઇબ્ને ઝુબેર રદિ. અંગે એવું કહેવાય છે કે તેઓ પણ ઘણી ભાષાઓ જાણતા હતા અને વિદેશી ગુલામો સાથે એમની ભાષામાં ચર્ચા અને વાતચીત કરતા રહેતા હતા.

હદીસ, ઇતિહાસ અને સિરતના અહેવાલોથી એ વાત ફલિત થાય છે કે સહાબા, તાબેઇન, તબેતાબેઇન અને જે તે સમયના ઉલ્માઓ ભાષા માત્ર શીખ્યા જ નહીં, પરંતુ શીખવાની તરફેણ કરી હતી. મુસ્લિમ રાજયતંત્રમાં વિવિધ ભાષાઓ શીખવાને પ્રોત્સાહિત કર્યા હતા. ઇસ્લામિક કિતાબોને જુદી જુદી ભાષાઓમાં ભાષાંતર કરાવી પ્રચાર પ્રસાર કર્યો. અન્ય ભાષાઓની લાભદાયી થવા પુસ્તકો અને કિતાબોને અરબી, ફારસી, ઉર્દૂ વગેરે ભાષાઓમાં ભાષાંતર કરવાની જવાબદારી અદા કરી.

આજે પણ સમગ્ર વિશ્વના મુસલમાનોમાં વિવિધ ભાષાઓના જાણકાર નિષ્ણાંત અસ્તિત્વમાં છે. દુનિયાની કોઇ પણ ભાષા હોય શીખવાનો હેતુ પ્રચાર પ્રસાર અથવા તો અર્થતંત્ર જાળવવાનો હોય બંને રીતે શકિતમાન છે. અને તેને શુધ્ધ દ્રષ્ટિબિંદુથી જોવામાં આવે છે. પ્રત્યેક મુસ્લિમો ઉપર હલાલ રોજી પ્રાપ્ત કરવાનું જરૂરી છે.

હિન્દુસ્તાન સહિત સમગ્ર દુનિયામાં અંગ્રેજી વિશ્વભાષા અને ઇન્ટરનેટની ભાષાનો દરજજો ધરાવે છે. એક રીતે સાયન્સ, ટેકનોલોજી અને કોમ્યુનિકેશનની ભાષા બની ચુકી છે. અંગ્રેજી ભાષા શિક્ષણ, વ્યવસાય,

સમાજશાસ્ત્ર, વ્યાપાર, ઉદ્યોગ, પર્યટન, અદાલત, કચેરીઓ અને ઇન્ટરનેટમાં સૌથી વધુ વૈશ્વિક ભાષા તરીકે વ્યવહારમાં ઉપયોગમાં ગણના પામતી એક ભાષા છે. તેથી ધાર્મિક ગેર સમજોનું ખંડન કરવા, આર્થિક સ્થિરતા, વ્યાપાર હોય કે નોકરી માટે આ ભાષા શીખવી જરૂરી થઇ ગયું છે.

ઇસ્લામિક કાળ દરમિયાન ૧૨૦૦ વરસ સુધી અને શિક્ષણના ક્ષેત્રમાં આગળ વધવા માટે વ્યકિતઓ નિમ્યા હતા. અદાલતી, વ્યવસ્થાતંત્ર, જુદા જુદા વિભાગોમાં અને વિસ્તારોમાં મદ્રેસાથી સ્નાતક થયેલાઓ મુખ્ય હોદ્દાઓ ઉપર બિરાજમાન રહેતા હતા. હિંદુસ્તાનની અદાલત અને સરકારી કચેરીઓમાં ફારસી અને ઉર્દૂ ભાષાનો વપરાશ અને ચલણ રહેતું હતું.૧૮૩૬માં અંગ્રેજી ભાષાને લગતા એક વટહુકમ હુકમ બહાર પાડયો કહો કે કાયદો બહાર પાડયો. એ અંતર્ગત કોર્ટ અને સરકારી કચેરીઓમાં અંગ્રેજી દાખલ કરવામાં આવ્યું. પરિણામે મદ્રેસાના સ્નાતક થયેલાઓએ નોકરી ગુમાવવી પડી, એમનો એક રીતે સંસ્થાકીય સંબંધ તૂટી ગયો. વળી અંગ્રેજી ભાષા પછી હિન્દી ભાષાએ સ્થાન લીધું. જેથી ઉર્દૂ, ફારસી જાકારોની જરૂરત ઓછી થતાં તેમનો સંબંધ અર્થતંત્રથી તૂટી ગયો. એ વાત યાદ રાખવી જોઇએ કે, સામાન્ય નિયમ એવો છે કે જયાં ભાષા અને શિક્ષણનો સંબંધ અર્થતંત્રથી વિખૂટો પડી જાય તો ચોકકસપણે અસ્ત થઇ જાય છે.

પરંતુ અલ્લાહનો શુક્ર કે, મદ્રેસાના ઉલ્માઓના પ્રયત્નો સફળ રહયા. હવે દુનિયાની કોઇ પણ એવી ભાષા નથી જે ઉલ્માઓએ ન શીખી હોય. એવાં ધાર્મિક પુસ્તકો પણ નથી જેનો અરબી, ફારસી અને ઉર્દૂમાં અનુવાદ ન થયો હોય. અંગ્રેજી ભાષામાં પણ નિપૂણતા પાપ્ત કરી છે. ધાર્મિક અને ઇસ્લામી શિક્ષણ અંગ્રેજી ભાષામાં પરિવર્તન કર્યુ. જરૂરી મુખ્ય પુસ્તકો-કિતાબોના ભાષાંતરો કર્યા. એજ ઉચ્ચભાવના હેઠળ અભ્યાસક્રમમાં ઓનલાઇન અંગ્રેજી ભાષાનો સમાવેશ કર્યો છે. ઉલ્માઓ અને અન્યોએ અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું સમયની માંગ અને એક વાસ્તવિક હકીકત છે. અંગ્રેજી ભાષામાં જાણવાથી ઘણી જવાબદારીઓ અદા કરી શકાય છે. સામજિક વિકાસ, ઇલ્મીક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા અંગ્રેજી ભાષા એક સિમા ચિન્હ રૂપ છે.

**પ્રેષક: યુસુફભાઇ સીદાત (થાલાવાલા)-લેસ્ટર,યુ.કે.**

## સદકા: ઇસ્લામનું આભૂષણ

- ડો. મહેબુબ દેસાઇ

**ઇસ્લામમાં સદકા માટે એક પણ પાઇ ખર્ચવાની જરૂર નથી. માત્ર માનવીની નિયત અને સદ્કાર્યને આચારમાં મૂકવાની ઇચ્છા જ જરૂરી છે.**

ઇંગ્લેન્ડમાં રહેતા મારા ૮૫ વર્ષના વયોવૃધ્ધ કાકા અલ્જીભાઇ દેસાઇએ મને એક નાનકડો વિડિયો વોટ્સ એપ પર મોકલ્યો છે. તેમાં ઇસ્લામના ૧૭ સદકાની વાત કરી છે. આજે તેની વાત કરીએ.

ઇસ્લામમાં દાન માટેના ત્રણ માર્ગો સૂચવવામાં આવ્યા છે. જેમાં ઝકાત, ખેરાત અને સદકાનો સમાવેશ થાય છે. ઝકાત ફરજીયાત દાન છે. એ જ રીતે ખેરાત મરજીયાત દાન છે. પણ સદકા એવુ સદ્કાર્ય છે, જેમાં નાણાં જરૂરી નથી. માનવી પોતાના વ્યવહાર-વર્તન દ્વારા પણ સદકો આપી શકે છે. આજે સદકાના ઇસ્લામિક ઉદેશની ચર્ચા કરવી છે. ઇસ્લામમાં ૧૭ માર્ગો નાણાં વગર માનવી સદકો કરી શકે છે.

જેમાં સૌ પ્રથમ છે દુવા. માનવી પોતાના માટે તો હંમેશા અલ્લાહ પાસે દુવા માંગતો રહે છે. પણ જયારે અન્ય કોઇ માનવી માટે અલ્લાહ પાસે દુવા કરે છે, તે મોટો સદકો છે, દાન છે, સદ્કાર્ય છે. બીજો સદકો જ્ઞાન છે. ઇસ્લામમાં જ્ઞાનનું મહત્વ વિશેષ છે. કોઇ પણ માનવી કે યુવાનને જ્ઞાન મેળવવામાં મદદ કરવી અથવા તેને વિના મૂલ્યે જ્ઞાન આપવું, ભણાવવો કે ભણવામાં કોઇ પણ પ્રકારની સહાય કરવાની ક્રિયા પણ મૂલ્યવાન સદકો છે. કોઇ માનવીને સમયસર અને જરૂરત હોય ત્યારે સાચી અને નૈતિક સલાહ આપવાનું કાર્ય પણ ઉત્તમ સદકો છે. આજના સમયમાં પોતાના બાળકો સ્વજનો અને પરિચિતો અનેક સમસ્યાઓથી પીડાય છે. એવા સમયે સાંત્વના સાથેની સાચી સલાહ પણ પુણ્ય છે. હાસ્ય પણ સદકો છે. જયારે કોઇને પણ

મળો, ત્યારે તમારાં દુઃખો, સમસ્યાઓને ચહેરા પર લઇને કદાપિ ન મળો. હંમેશા સસ્મિત અને ખૂશીથી સ્વજનો અને પરિચિતોને મળો. એ પણ ઉત્તમ સદકો છે. કોઇ પણ માનવીને સહાય કરવાની ભાવના કે વૃત્તિ સેવવી કે સહાય કરવી, એ પણ ઉત્તમ સદકો છે. ઇસ્લામમાં છઠ્ઠો સદકો છે સમય. આપના માં બાપ, બાળકો, સ્વજનો અને પરિચિતો અને સમાજ માટે પોતાનો સમય આપવો કે ફાળવવો એ પણ સદકો છે. માનવી પોતાના વ્યવસાય કે કામ ધંધામાં અવશ્ય રોકાયેલો રહે છે. પણ પોતાના પરિચિતો અને કુટુંબ માટે પણ સમય કાઢવો જરૂરી છે. પોતાનાં સંતાનોને યોગ્ય તાલીમ અને સંસ્કાર આપવાનું કાર્ય પણ ઇસ્લામમાં સદકો છે. નવમો સદકો છે ધીરજ. જીવનમાં કપરા સંજોગોમાં ધીરજ રાખવી, સંયમ રાખવો, એ પણ મોટો સદકો છે. કસોટીના સમયે જે માનવી સંયમ અને ધીરજથી કાર્ય કરે છે, અલ્લાહ અવશ્ય તેને માર્ગ બતાવે છે. તમારા વાયદા, વચનોને હંમેશા યાદ રાખો. અને તેવાં સદ્‌વચનો સ્વજનો અને કુટુંબીજનોને પણ યાદ કરાવવાનું કાર્ય સદકો છે. દસમો સદકો છે બીજાઓને ક્યારેય નુકસાન ન કરો. જયારે તમે સત્તામાં છો ત્યારે કોઇને નુકસાન ન કરો. તમારા હાથે સારું થાય તો અવશ્ય કરો પણ બૂરું કરવાના સમયે તમારું મૌન અથવા નિષ્ક્રિયતા પણ એક ઉત્તમ સદકો છે. અગીયારમો સદકો છે મૃદુભાષી હોવું. તમારી ભાષા અને વ્યવહારમાં હંમેશા મૃદુતા રાખો. સૌની સાથે પ્રેમથી વર્તો. અંગ્રેજીમાં એક કહેવત છે યુ આર એ માસ્ટર ઓફ યોર અન સ્પોકન વર્ડ્સ એટલે હંમેશા મીઠા અને પ્રેમાળ શબ્દોને જ તમારા વ્યવહારનો ભાગ બનાવો. એ પણ મોટો સદકો છે. બારમો સદકો છે જતું કરો, ભુલી જાવ. મન મોટું રાખો. દરેકના જીવનમાં માઠા પ્રસંગો આવે છે. તેમાં માન-સ્વમાન ખંડિત થયાં હોય છે, એવા અપમાન અને અવગણના પ્રસંગો કયારેક માનવીને ભાંગી નાંખે છે. પણ તેવા પ્રસંગોને ભૂલી જાવ, યાદ ન રાખો અને પોતાના કાર્યમાં નિષ્ઠાપૂર્વક લાગ્યા રહો. એ પણ મોટો સદકો છે.

તેરમો સદકો છે સૌને માન આપો, અંગ્રેજીમાં એક કહેવત છે યુ ગિવ રિસ્પેકટ એન્ડ રિસ્પેકટ વિલ રિબાઉન્ડ ટુ યુ નાનામોટા સૌને માનસન્માન હોય છે, સ્વમાન હોય. એટલે ગરીબ-અમીર, નાના-મોટા સૌને માનથી બોલાવો, તેમને માન આપો. એ પણ મોટો સદકો છે. ચવુદમો સદકો છે હંમેશા ખુશ રહો. માનવી મોટે ભાગે પોતાનું સુખ જોઇ સુખી થાય છે. સાચો અને સારો માનવી એ છે જે અન્યના સુખમાં પણ સુખ અનુભવે છે. અન્યના સુખને પણ માણે છે. તેમાં પણ ખુશ રહે છે. મહંમદ સાહેબ (સ.અ.વ.) જાણીતા અજાણ્યા કોઇ પણ માનવીની માંદગીના ખબર પૂછવા અવશ્ય જતા. કારણ કે માંદા માનવીના ખબરઅંતર પુછવા એ પણ મોટો સદકો છે. પંદરમો સદકો તમે માર્ગ પર ચાલો છો ત્યારે માર્ગમાં પડેલ અડચણો કે અવરોધો તરફ તમારું ધ્યાન જતુ  નથી. પણ ઇસ્લામ કહે છે રસ્તા પરની અડચણ કે અવરોધને દૂર કરવાનું કાર્ય પણ સદકો છે. સોળમો સદકો રોડ પર ટ્રાફીક જામનો પ્રશ્ન સામાન્ય છે. પણ એવા સમયે ટ્રાફિકને દૂર કરી માર્ગ કરવા જે સ્થાનિક યુવાનો કાર્ય કરે છે તે પણ મોટો સદકો છે. વળી, એવા સમયે રસ્તાની અડચણો દૂર કરવામાં એક નાગરિક તરીકે સહાયભૂત થવાનું કાર્ય પણ સદકો છે. અને છેલ્લો, માર્ગ ભૂલેલાને કે અજાણ્યાને માર્ગ ચીંધવાનું કાર્ય પણ ઉત્તમ સદકો છે.

ઇસ્લામમાં આ ૧૭ સદકા માટે એક પણ પાઇ ખર્ચવાની જરૂર નથી. માત્ર માનવીની નિયત અને સદ્‌કાર્યને આચારમાં મૂકવાની ખેવના - ઇચ્છા જ જરૂરી છે. આવા માનવીય સદકાઓ એ કોઇ એક મજહબની વાત નથી, એ તો દરેક ધર્મના પાયામાં છે અને રહેશે. ■

## LET US GET OUR PEOPLE TO ACQUIRE BETTER AWARENESS ABOUT THE IMPORTANCE OF EDUCATION

-ISMAILAHMED LAMBAT,
MANCHESTER (0161) 232 1876

After short and sometime longer periods of time the VOHRA SAMACHAR provides its readers of secular education attainments of our younger members. Besides the information on the progress some of our younger members have made we are also provided with photographs of most of the successful ones. Whilst this sort of information is good, we feel the progress made by our younger persons does not provide us with a more representative and a more comprehensible picture of all our younger persons from across our endogamous group and the progress they have made or are working towards making.

There must be many men and women from our endogamous group who we feel would like to know why the VOHRA SAMACHAR never or very rarely tells us of the educational achievements of children from all our VOHRA villages. What are the reasons for this? Are our people from some of our villages not sending their children to secular education providing institutions or do our villagers fail to care if children from their villages attend secular education providing institutions or if the performance of children from their villages not worth mentioning and therefore the VOHRA SAMACHAR is never told of their children's achievements.

Whilst we as an endogamous group must try and try hard to learn about our children's progress, we feel our VOHRA EDUCATION SOCIETY must try to learn about the type of progress our children are making in acquiring secular education and where necessary put in whatever effort is necessary to get more of our children to become interested in acquiring education. We feel we should not leave our children to be guided by their parents only as many parents will not have the ability or the awareness to provide their children with the right sort of guidance. We feel our SOCIETY should take on the responsibility to visit our VOHRA villages, meet with parents and their children, learn about the level of awareness our parents and the children have about education and where necessary offer guidance.

We can still come across many of our men and women who know little about education. As we have said in the past for many of our people, education means the ability to read and write. Some are still under the notion that if someone can read and write it is more than enough. Our people we feel have not yet understood the importance of education. Obviously having the ability to read and write is good but our people must realise that we now live in a world that demands more knowledge from us and we can only come to acquire more knowledge by knowing and we can only know more if we study more. We therefore feel and our readers will agree with us that to live in this world as citizens of any country we must equip ourselves and encourage our fellow brothers and sisters to acquire respectable levels of both RELIGIOUS and SECULAR education.

We feel more education providing institution cannot help us to acquire religious or secular education. We have many institutions but unfortunately many of our members still do not know about the types and levels of education these provide. What many of our people need is basic information on education. We feel if more of our people were to come to know more about education, they could help their children and the children of other villagers to develop a better interest in acquiring education. It is unfortunate that even now we can still come across our people who feel some one with secondary education could easily find work as a clerical worker. This type of thinking simply shows that many of our brothers and sisters have failed to keep up with the changes taking place around them. Recently we came across one of our womenfolk, who felt that her son was very clever, and she would like to send him to school up to year NINE. What year nine meant she did not know and neither did she know if year nine would enable her son to complete his school or college education. ■

# દેશ - વિદેશના સમાચાર

## આલુંજ

**શાદી મંગણી:-** પેરીસ ખાતે યાસીન ઇસ્માઇલ ટોપીયાની શાદી ભરૂચ નિવાસી સાહીસ્તા સીરાજ જકડા સાથે તથા પેરીસ નિવાસી મોહંમદ ઇસ્માઇલ ટોપીયાની મંગણી સીલુડી મુકામે આશીયા ઇકબાલ અભી સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** ઇમરાન અબ્દુલરહીમ જોગીયાતને ત્યાં છોકરાનો જન્મ નામ અહમદ તથા આશીફ હાસીમ ટોપીયાને ત્યાં છોકરાનો જન્મ થયો છે.

**પરદેશથી આગમન:-** ઐયુબ સુલેમાન ટોપીયા પેરીસથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** રશીદા ઇસ્માઇલ ટોપીયા એમના ફરજંદ યાસીનની અહેલીયા સાહીસ્તા સાથે પેરીસ, આયશા અનવર બૈયાંત એમના ફરજંદ મોહંમદ હનીફ તેમજ દુખ્તર આસીફા સાથે બોટ્સ્વાના, બિલાલ યાકુબ ટોપીયા એમના વાલેદા સાથે સા.આફ્રિકા પરત, સોયબ યાકુબ ટોપીયા એમની અહેલીયા સાથે કેનેડા પરત તથા હનીફ ઇલ્યાસ જોગીયાત વતનની મુલાકાત લઇ દુબઇ પરત ગયા છે.

## ખરોડ

**ઇન્તેકાલે પુરમલાલ:-** દાવુદ અહમદ ખરોડીયા (ધુધાત) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## કોસંબા

**શાદી મંગણી:-** મોહંમદ ફૈજલભાઇ બાવાની શાદી હથુરણ મુકામે નબીલા લીંબાડા સાથે થઇ છે.

**મુબારકબાદ:-** સોહેલ શૌકત હાફેજી હીફઝ થયા છે.


T Favourite™

We Also Sell

MUSAJI TEA since 1950

SINCE 1963 SHIPTON TEA

LIBERTY TEA CO.

Tea merchant | ચા ના વેપારી

Wholsale & Retail | છુટક તથા જથ્થાબંધ

Since 1987 Favourite Exim

Add.: 9/1960, Limda Chowk, Surat. 395003

+91 261 2423906 - Info@favouriteexim.com

જુના અને જાણીતા ફેવરીટ ગ્લાસ વેર વાળા : ૧૯૪૭



મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર

અનેક જાતની વેરાઇટીઝ, લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

-:: શો રૂમનું સરનામું ::-

આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ, બાટા શુઝની સામે,ભરૂચ

ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪

મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

## રાંદેર

**શાદી મંગણી:-** નૌમાન સીદ્દીક ઇસ્માઇલની શાદી આશીયા ઝુબેર મોદન સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** અમીર હમઝા ઐયુબ મામસાને ત્યાં છોકરીનો જન્મ નામ અનમ તથા મોહંમદ ઉમરફારૂક હાંસ્યાને ત્યાં છોકરીનો જન્મ નામ અલીના રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** સફીયા - યુસુફ અહમદ ટીલીની છોકરીનો બોલ્ટન - યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અન્ય:-** રાંદેર ચુનારવાડા મસ્જીદના સને ૨૦૨૧-૨૦૨૨ ના ટ્રસ્ટીઓ. જ.ઇબ્રાહીમ યુસુફ અશરફ સા.-મેનેજીંગ ટ્રસ્ટી,જ. યુસુફ મોહંમદ સઇદ સા. તથા જ. અહમદ યુસુફ મોદન સા.-ટ્રસ્ટી (૨) રાંદેર પીર ઉમર કારીની તાઇવાડા જુમ્મા મસ્જીદના સને-૨૦૨૧-૨૦૨૨ ના ટ્રસ્ટીઓ. જ.ઇમરાન અહમદ ભામ સા.-મેનેજીંગ ટ્રસ્ટી,જ.ઇબ્રાહીમ હાસમ બપોરીયા સા. તથા જ.કાસીમ ગુલામમોહંમદ ઇસ્માઇલ સા.- ટ્રસ્ટી (૩) નગીના મસ્જીદ મોચીવાડના સને ૨૦૨૧-૨૦૨૨ ના ટ્રસ્ટીઓ. જ. અહમદ આજમ ઇસ્માઇલ સા.- મેનેજીંગ ટ્રસ્ટી,જ.અહમદ મો.હુશેન મુલ્લા સા. તથા જ. ઇબ્રાહીમ કાસમ સાલેહભાઇ સા.-ટ્રસ્ટી

## વરીયાવ

**શાદી મંગણી:-** ઇસ્માઇલ (બાવાભાઇ) યુસુફ દાવજીના નવાસા હમઝા મકસુદ ફેન્સીની મંગણી હુથુરણ મુકામે સુમૈયા ઇસ્માઇલ કોલીયા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** સુલેમાન (સોલી) ઇબ્રાહીમ હાસમભાઇની દુખ્તર બિલ્કીસ (મીનુ) ને જીદ્દાહ ખાતે છોકરીનો જન્મ નામ ફલીશા તથા જુનેદ ઇબ્રાહીમ (લાલુ) માયતને ત્યાં છોકરાનો જન્મ નામ ઇબ્રાહીમ રાખ્યું છે.

### HEARTLY THANKS





Assalamu Alaykum (w.w.)
Heartly I would like to announce that my daughter **Dr. sana Patel** completed her **MBBS** degree from IIMSR (Jalna) today I would like to thank **Marhum Janab Ahmed Patel.** He was the angel sent by Allah,effortlessly he worked hard and made sure that my daughter get admission and qualify. His efforts and dedication towards our society is countless no wonder he can't by replace by anyone. Our society lost a gem indeed. we are grateful to had such a nice personality. May Allah reward him for his each and every acts and grant him jannatul-firdaus. On behalf of my entire family I would like to thank Marhum Janab Ahmed patel & his family.

**SALIM DAWOOD PATEL (MUMBAI)** જા. x ખ.

### જાહેર આભાર

મોહતરમા ફરીદાબહેન હાસીમ વેડછીયા સાહેબાનો તા.૦૩-૧૦-૨૦૨૧ ના રવિવારના રોજ કેનેડા મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

આ દુ:ખદ પ્રસંગે અમારા કુટુંબીજનો, સગા સબંધીઓ, દોસ્ત બીરાદરો, સ્નેહીજનો, સંસ્થાઓના કાર્યકરો, ઉલમાએ કીરામ તથા નામી અનામી સજ્જનોએ જનાઝાની નમાઝમાં શીર્કત ફરમાવી તેમજ દેશ-વિદેશથી ફોન, મેસેજ, વોટ્સ એપ, ઇ-મેલ દ્વારા દિલસોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વેનો આ મુખપત્ર વહોરા સમાચાર દ્વારા જાહેર આભાર વ્યકત કરીએ છીએ.

અલ્લાહપાક મર્હુમાની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. **આમીન.**

મર્હુમાના હકમાં સર્વેને દુઆએ મગફીરત કરવા નમ્ર ગુજારીશ છે.

**લિ.**
**હાસીમ મોહંમદ વેડછીયા - કેનેડા**
**નાઝીમા વેડછીયા (દરસોત) - કેનેડા**
**શૌકત દરસોત - કેનેડા**
**ફૈઝલ અને યાસ્મીન વેડછીયા**
**વેડછીયા, કારા, દરસોત, નોરાત અને સીદીયોત ફેમિલી**

જા. x ખ.

**ઇન્તેકાલે પુરમલાલ:-** જહાંગીર ઇસ્માઇલ ભાઇમીઆંનો રાંદેર ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** અહમદ (મુન્ના) મોહંમદ ભાઇમીઆં સા.આફ્રિકાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** મોહંમદ (મમ્મુ) અહમદ (મુન્ના) ભાઇમીઆં વતનની મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

## આંકડોદ

**પરદેશથી આગમન:-** સીરાજ ગુલામ (ગોરા) કાઝી એમની અહેલીયા તથા ફરજંદો સાથે સા.આફ્રિકાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** બદરેઆલમ મુસા કાઝી એમના ફરજંદો સાથે વતનની મુલાકાત લઇ સા.આફ્રિકા પરત તથા અ.સલામ ગોરા મોતાલા સા.આફ્રિકા ગયા છે.

## સાચણ

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજીયાણી તાહેરા અ.સમદ હાંસલોદ ઉ.વ.આ. ૭૦ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**રમઝાન - ૨૦૨૧ માં ગામેગામથી સોસાયટીને મળેલી મદદ**

| રકમ | નામ | ગામ |
| --- | --- | --- |
| ૬૭,૫૦૦ | જ. આઇ. ડી. પટેલ સા. | વડોદરા |
| ૪૦,૭૦૦ | જ. સોયબ યુસુફ પારેખ સા. | બલેશ્વર |

**પરદેશ ગમન:-** સહલ હારૂન મોતાલા વધુ અભ્યાસ અર્થે, મારૂફા શહેઝાદ મંગા,સઇદ મોહંમદ દેસાઇ એમના અહેલીયા ફરીદા બહેન સાથે કેનેડા, દાવુદ સઇદ દેસાઇ વતનની મુલાકાત લઇ કેનેડા પરત, ઝહીર કાસીમ દેસાઇ એમના અહેલીયા જુબેદા બહેન તથા ફરજંદો સાથે વતનની મુલાકાત લઇ પેરીસ પરત ગયા છે.

## ઉમરવાડા

**શાદી મંગણી:-** અહમદ ઇશાક ગંગાતની શાદી ભરૂચ મુકામે શબા વરીયાવા સાથે થઇ છે.

**પરદેશ ગમન:-** અનસ મૌ.રફીક કાઝી મોઝમ્બીક તથા મૌ. રફીક ઇસ્માઇલ કાઝી સા.આફ્રિકાની શુભેચ્છા મુલાકાતે ગયા છે.


સરનામું બદલાયું છે.
હવે અમારી નવી દુકાનમાં અવશ્ય પધારો.
(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com
કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઇન્ડીયન તેમજ ઇમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
હજ માટે એહરામનું કાપડ, ટુવાલ
અને બેલ્ટ મળશે.
અમારી એક વખતની મુલાકાત ઇન્શાઅલ્લાહ
આપને લાભદાયી થશે.
સ્થાપના : ૧૯૭૮
લિબાસ
૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઇન રોડ, સુરત-૩. (ગુજરાત-ઇન્ડિયા)


## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**ઇન્તેકાલે પુરમલાલ:-** હવા ઇબ્રાહીમ લહેર આલીપોરવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.) ઝુબેદા અહમદ મંગેરા માંગરોલવાલાનો બોલ્ટનમાં ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**મુબારકબાદ:-** ઝાહીદ મહમદ પટેલ જીતાલીવાલા હાફેઝ થયા છે. એમના તરફથી પકવા હોલમાં સગા-સંબંધીઓ અને દોસ્ત બિરાદરો માટે શાનદાર ખાવાની દાવત રાખવામાં આવી હતી.

**અન્ય:-** અહમદભાઇ ગુલના સાહિત્ય સમારંભમાં બ્રિટિશ પાર્લામેન્ટના લોર્ડ શ્રી ભીખુભાઇ પારેખ મુખ્ય મહેમાન હતા.

**આપ સૌના સાથ,સહકાર, વિશ્વાસ અને સ્નેહનાં સથવારે**
**સફળતા પૂર્વક ૧૪ વર્ષથી માછલીપીઠ, લાલગેટ, સુરત ખાતે કાર્યરત**



# ડૉ.(મીસીસ) બીજલ બી. લશ્કરી

**બી.ડી.એસ.,એમ.ડી.એસ. (અમદાવાદ) કન્સલ્ટન્ટ ડેન્ટલ સર્જન**

## શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક

**સહર્ષ આપની સેવામાં હવેથી નવા નામ, નવા સરનામે નવા રંગરૂપ સાથે પ્રસ્તુત કરે છે.**

EXCELLENCE IN DENTISTRY

# WORLD OF SMILES Oral & Dental Care Centre

**૧૧/૧૧૭૧, દરિયામહેલ લેન,જીલ્લા પંચાયતની સામે,નાણાવટ ચાર રસ્તા, મુગલીસરા, સુરત - ૩૯૫૦૦૩, સંપર્ક :- Cell : 63520 07253, 92281 32541**

**નવા દવાખાનાની વિશેષતાઓ :** ● નાણાવટ ચાર રસ્તા, દરિયામહેલ જેવા શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત (જુના દવાખાનાથી માત્ર ૮૦૦ મીટરના અંતરે) ● સંપૂર્ણ A.C.કિલનીક ● લિફ્ટની સગવડ ● દાંત સારવાર માટેના તમામ શ્રેષ્ઠ સાધનો સગવડોથી સજ્જ ● બાળકોની દાંતની તમામ સારવાર માટે અલગ કેબીન/ સાધનો ચેર-યુનિટ,સુંદર લાઇટીંગ, મજાનાં રમકડાં, રંગબેરંગી દિવાલો, ગેમ્સ વગેરેના કારણે બાળકોની દાંતની તમામ સારવાર તેમજ માતા પિતા માટે પણ સુખદ અનુભવ ● પાર્કિંગ માટે પુરતી જગ્યા.



**સ્ત્રીઓ માટેની વિશેષતાઓ :**

● કવોલીફાઇડ અને અનુભવી લેડી ડેન્ટીસ્ટ (MDS) અને લેડી આસીસ્ટન્ટ દ્વારા દાંતની તમામ સારવાર.

**કલીનીક નો સમય : સોમવાર થી શનીવાર બપોરે 11.30 થી સાંજે 6.30**

## વર્લ્ડ ઓફ સ્માઇલ્સ ઓરલ એન્ડ ડેન્ટલ કેર સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ

❀ પીડા રહીત રીતે દાંત-દાઢ પાડવો/રહી ગયેલા મૂળ કણી કાઢવી.❀ સડેલા દાંતમાં સિમેન્ટ - ચાંદી પુરવી/લાઇટ ક્યોર ટ્રીટમેન્ટ (દાંતના રંગનું ફિલીંગ) ❀ સડેલા દાંત બચાવવા માટે દાંતના મૂળની સારવાર રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (R.C.T.) ❀ એક્ષ-રેની સુવિધા ❀ દાંતની સફાઇ (સ્કેલીંગ) ❀ પાયોરીયા તથા પેઢાના અન્ય રોગોની સારવાર ❀ દર્દીઓને ઇન્ટ્રાઓરલ કેમેરા દ્વારા ટી.વી.સ્ક્રીન પર તેમના દાંત તથા મોઢાની તકલીફોનું પ્રત્યક્ષ નિદર્શન ❀ કાઉન તથા બીજ (ખોલી અને ફિકસ ચોકઠુ) ❀ આખું કે આંશિક ચોકઠુ (બત્રીસી) ❀ પીળા દાંત તથા દાંતના ડાઘની સારવાર (પોલીશીંગ,વ્હાઇટનીંગ) ❀ ડહાપણની દાઢની સારવાર ❀ સગર્ભા સ્ત્રીઓમાં થતાં દાંતના પ્રશ્નો,જેવા કે દાંતનો સડો,પેઢા ફુલી જવા,પેઢામાંથી લોહી નીકળવું, મો ની દુર્ગંધ, આવનાર બાળકના દાંતની તન્દુરસ્તી માટે માર્ગદર્શન ❀ બાળકોમાં થતા દાંતના પ્રશ્નો,જેવા કે દૂધિયા દાંત સડવા,ખોટી આદતોથી વાંકાચૂકા દાંત ઉગવા, સડેલા દાંતમાં ચાંદી અને RCT

**કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રી-સ્માઇલ ડિઝાઇનીંગ** (લેસર બ્લીચીંગ,વિનીયરીંગ, કમ્પોઝીટ ફિલીંગ, ગન સર્જરી) ❀ પાન,તમાકુ,ગુટખાને લીધે ન ખુલતા મોંની સારવાર ❀ ઠંડા પીણા, આઇસ્કીમ ખાતા દાંતમાં થતી ઝણઝણાટી, દુ:ખાવો વિગેરે સારવાર ❀ માત્ર ૩૦ મિનિટમાં આપના દાંતને મોતી જેવા સુંદર બનાવતી ❀ અત્યાધુનિક સારવાર (ડેન્ટલ બ્લીચીંગ) ❀ ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ (સ્ક્રુ વડે કાયમી દાંત બેસાડવા) કેબીન/ સાધનો, ચેર યુનિટ ❀ અત્યાધુનિક ક્રાંતિકારી લેસર વડે દાંતની સારવાર ચમત્કારીક પીડારહિત પરિણામો સાથે

જા. X ખ.


કોસ્મેટીક્સ


ડેન્ટલ ઇમ્પ્લાન્ટસ


સ્માઇલ ડીઝાઇનીંગ


ડેન્ટલ વ્હાઇટનીંગ


ઓર્થોડોન્ટીક

# યશફીન કાર્ડીયાક હોસ્પિટલ – નવસારી

મોરારજી દેસાઈ માર્કેટની સામે, મુ.પો. વીરાવળ, નવસારી. ફોન : (૦૨૬૩૭) ૨૩૫૭૨૬, ૨૩૫૭૨૭

www.yashfeenhospital.in | E-mail : info@yashfeenhospital.in

**હોસ્પિટલ ધારા ધોરણ માટે ભારતની આંતરરાષ્ટ્રીય માપદંડ પ્રમાણિત NABH (દર્દીની સંભાળ, સલામતી અને સારવારને પ્રમાણિત કરતી) સંસ્થા દ્વારા માન્યતા પ્રાપ્ત નવસારી જીલ્લાની એકમાત્ર યશફીન કાર્ડીયાક હોસ્પિટલ**

## અમદાવાદ – મુંબઈ વચ્ચે રોબોટીક સર્જરીથી

**ઘૂંટણના સાંધા બદલવાના ઓપરેશન ફક્ત**

યશફીન હોસ્પિટલમાં ૧૬ વર્ષથી ફુલ ટાઈમ ઉપલબ્ધ

છેલ્લા ૬ વર્ષમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ઘૂંટણના સાંધા સફળતા પૂર્વક બદલવાના નિષ્ણાંત



**ડો. નરેન્દ્ર પરમાર**
રોબોટીક જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
સોમ થી શનિ ૧૦:૦૦ થી ૪:૦૦

સર્જનની કુશળતા સાથે રોબોટની સચોટતા

૪૫,૦૦૦ થી વધુ હાડકાનાં ઓપરેશનોનો અનુભવ

૭,૦૦૦ થી વધુ ઘૂંટણ તથા થાપાના સાંધાના ઓપરેશનોનો અનુભવ

રોબોટથી ઓપરેશન શરૂ થયાનાં પ્રથમ વર્ષ દરમ્યાન ૧૧૫૪ સાંધાનાં ઓપરેશનો સફળતા પૂર્વક કરવામાં આવ્યા.

## કાન, નાક, ગળાનાં રોગોના નિષ્ણાંત

**ડો. હિતેન્દ્ર કાલાવડીયા**
દરરોજ
સવારે ૯:૦૦ થી ૧૦:૦૦
બપોરે ૨:૦૦ થી ૩:૦૦



**ઈમરજન્સી ૨૪ કલાક**

| સારવાર | જનરલ | સેમી. | સ્પેશ્યલ | ડીલક્ષ | સુ.ડીલક્ષ |
|---|---|---|---|---|---|
| ટોન્સીલ | 8,000 | 11,000 | 16,000 | 20,000 | 25,000 |
| નાકની હાડકીનું ઓપરેશન | 12,000 | 15,000 | 19,000 | 23,000 | 28,000 |
| નાકની હાડકી + મસાનું ઓપરેશન | 17,000 | 20,000 | 22,000 | 28,000 | 33,000 |
| નાકનાં મસાનું ઓપરેશન | 12,000 | 15,000 | 19,000 | 23,000 | 28,000 |
| સ્કોપી (દુરબીન તપાસ) | 6,000 | 7,000 | 10,000 | 13,000 | 17,000 |
| કાનનાં પડદાનું ઓપરેશન | 22,000 | 27,000 | 31,000 | 39,000 | 47,000 |

મુખ્યમંત્રી અમૃત યોજના (માં યોજના) અંતર્ગત એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટિ, બાયપાસ, વાલ્વ ઓપરેશન, કીડની, પથરી, પ્રોસ્ટેટ, મૂત્રાશયના ઓપરેશન, મગજ તથા કરોડરજ્જુના ઓપરેશનો, તથા કેન્સરના ઓપરેશનો તેમજ કેમોથેરાપી, ડાયાલિસીસની સારવાર વિના મૂલ્યે (તદ્દન ફ્રી) કરવામાં આવે છે.

જાડાપણું દૂર કરવાનું ઓપરેશન આપને આપની ખરી જીંદગી લાવી શકે છે ?

## હા.....લાવી શકે છે



બેરીયાટ્રીક સર્જન
ડો, રામ રક્ષ પાલ
M.S., F.N.B.
(Minimal Access Surgery)
દરરોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦

"શુ આપને

- વધારે પડતા વજનને કારણે ચાલવામાં મુશ્કેલી પડે છે ?
- શ્વાસ લેવામાં તકલીફ પડે છે ?
- ઘૂંટણ તથા કમરનાં દુખાવાથી પીડાઈ રહ્યા છો ?
- ડાયાબિટીસ, બ્લડપ્રેસર જેવી બિમારી છે ?
- ઉંઘવામાં તકલીફ પડે છે ?
- માનસિક તણાવ રહે છે ?
- શુ આપ કંટાળી ગયા છો ?

અમો આપને મદદ કરીશું




બેરીયાટ્રીક સર્જરીનું સફળતા પૂર્વક ઓપરેશન કરાવ્યા બાદ ઈન્સેટ તસ્વીરમાં ડો. રામ સાથે ઉભેલ દર્દીનું વજન ૧૨૬ કિ.ગ્રા. થી ઘટી હાલમાં ૭૬ કિ.ગ્રા. થયેલ છે.

નવસારી જીલ્લાનાં સૌપ્રથમ અત્યાધુનિક

## ફેકો મશીન દ્વારા (ટાંકા વિના)

**મોતીયાનાં ઓપરેશનો યશફીન હોસ્પિટલ–નવસારીમાં**

નોન ફોલ્ડેબલ ઈન્ડીયન લેન્સ સાથે મોતીયાનાં ઓપરેશનો **₹.25,00 થી શરૂ**

ફોલ્ડેબલ ઈન્ડીયન લેન્સ સાથે મોતીયાનાં ઓપરેશનો **₹.5,000 થી શરૂ**

ફોલ્ડેબલ ઈમ્પોર્ટેડ લેન્સ (USFDA અમેરીકન માન્યતા પ્રાપ્ત લેન્સ) સાથે મોતીયાનાં ઓપરેશનો **₹.15,000 થી શરૂ**

જેમા ઓપરેશન ચાર્જ, લેન્સનો ચાર્જ, ઓપરેશન થીયેટર ચાર્જ, હોસ્પિટલ રોકાણનો ચાર્જ શામેલ છે.

**ડો. કૈવલ શાહ**
મોતીયા તથા ઝામરના ઓપરેશનનાં નિષ્ણાંત

**કેશ ફી ₹. ૧૫૦/–**

ચેકઅપ સમય સવારે ૧૦ થી ૧

## ડાયાલિસીસ

**ફ્રી + ₹.૩૦૦/–** (ભાડા પેટે મળવાપાત્ર)

મુખ્યમંત્રી અમૃતમ યોજના (મા યોજના) હેઠળ નવસારી જીલ્લામાં ફ્રી ડાયાલિસસ સેવા

રાજ્ય સરકારની યોજના અંતર્ગત ડાયાલિસીસ દર્દીઓને વાહન ભાડા પેટે ₹. ૩૦૦/– દર ડાયાલિસીસ વખતે આપવામાં આવે છે.




| | | |
|---|---|---|
| દર્દીનાં ઈમરજન્સી રૂમમાં ૦ થી ૩ મીનીટમાં સારવારની શરૂઆત | ડીજીટલ એક્ષ–રે ₹. 300/- | સોનોગ્રાફી ₹. 500/- |
| લેબોરેટરી ૨૪ કલાક | ૩ માસથી વધુ દવામાં ડીસ્કાઉન્ટ 30% | કાર્ડીયાક એમ્બ્યુલેન્સ ૨૪ કલાક |
| જનરલ વોર્ડ દવામાં ડીસ્કાઉન્ટ 35% | સેમી સ્પેશ્યલ રૂમ દવામાં ડીસ્કાઉન્ટ 25% | સ્પેશ્યલ સ્પેશ્યલ રૂમ દવામાં ડીસ્કાઉન્ટ 12% |
| ડીલક્ષ–સુપર ડીલક્ષ રૂમ દવામાં ડીસ્કાઉન્ટ 12% | ચેકઅપ દર્દી માટે દવામાં ડીસ્કાઉન્ટ 12% | શુધ્ધ શાકાહારી કેન્ટીન |

**તમામ વીમા કંપનીની કેશલેશ તથા મેડીક્લેઈમ સુવિધા ઉપલબ્ધ માં યોજના તથા આયુષ્માન યોજના દ્વારા ફ્રી સારવાર**

વધુ માહિતી માટે સંપર્ક : 93276 60109 | 93276 60112 | 93276 60113 | 93276 60123

મેડીકલેમ તથા કેશલેશ માટે સંપર્ક : 95749 71100

## ઇન્તેકાલે પુરમલાલ

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ ડૉકટર મોતાલા સાહબના જીદ્દાહ પ્રવાસમાં સાથ-સહકાર આપનાર **જ. હાસીમ મોહંમદ વેડછીયા સા. (કોસંબા)** ના અહેલીયા તેમજ આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. શૌકતભાઇ દરસોત સા. (સંજાલી)** ના સાસુમા **મોહતરમા ફરીદાબહેન વેડછીયાનો તા. ૦૩-૧૦-૨૦૨૧** ના **રવિવાર**ના રોજ **કેનેડા** ખાતે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. યુસુફ અહમદ ટીલી સા. (યુ.કે.)** ના દીકરી, **મોહતરમા આયશાબીબી અહમદ ટીલી સાહેબા (રાંદેર)** ની પૌત્રી તેમજ આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જ. મોહંમદ અહમદ ટીલી સા. (યુ.કે.)** ની ભત્રીજી **મોહતરમા સફીયાબહેન**નો બોલ્ટન યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

**અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન**

## જઝાકુમુલ્લાહ

**ઝકાત**

૧,૫૦૦ જ. મુસા યુસુફ પટેલ સા. — સરૈયા

૧,૫૦૦ મોહ. મરીયમ યુસુફ પટેલ સા. — સરૈયા

૧,૦૦૦ જ. ઇકબાલ ઇબ્રાહીમ ટેલર સા. — વેસ્માં

**બેંક વ્યાજ**

૧,૦૦૦ એક મુસ્લિમભાઇ તરફથી — વેસ્માં

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

" માનવ સેવા એજ શ્રેષ્ઠ સેવા - પયગંબરસાહેબ "

### કોરોનાની બિમારીમાં માતા -પિતા મરણ પામેલ અનાથ બાળકોને સરકાર તરફથી માસિક બે હજાર થી ચાર હજારની રૂપિયાની સહાયની સરકારી યોજના

" બધા સાથે ભલાઇ કરો ભલાઇ કરનારને ખુદા દોસ્ત રાખે છે "

સલામબાદ

ગુજરાત સરકાર કોરોનામાં માતા પિતા મરણ પામેલ અનાથ બાળકોના તે એક વીસ વર્ષ સુધી માસિક બે થી ચાર હજાર રૂપીયાની મદદની નીચે મુજબ યોજના બનાવેલ છે

| | | |
|---|---|---|
| (૧) | યોજનાનું નામ | મુખ્યમંત્રી બાલ સેવા યોજના |
| (૨) | આ લાભ કોને મળે અને કયાં સુધી મળે? | આ યોજનાના લાભ કોરોના માતા પિતા બન્ને ગુજરી ગયા હોય તે બાળકોને માસિક ચાર હજાર રૂપિયા અને માતા અથવા પિતા બન્નેમાથી એક ગુજરી ગયા હોય તો માસિક બે હજાર રૂપિયાની મદદ ૨૧,વર્ષ સુધી મળે છે અને તે બાદ ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને માસિક છ હજાર રૂપિયા સુધીની માસિક મદદ મળે છે |
| (૩) | તે મદદ મેળવવા શું કરવુ ? | દરેક જીલ્લા / તાલુકામાં આવેલ સમાજ કલ્યાણ ખાતાની ઓફીસમાંથી ફોર્મ ભરી કંપલીટ કરીને આપવાથી આ મદદ મળે |
| (૪) | આ મદદ મેળવવા માટે ફોર્મ અને બધી વિગત કયાંથી મળે ? | દરેક શહેરમા / તાલુકામા આવેલ સમાજ કલ્યાણ ખાતાની ઓફીસમાંથી ફોર્મ અને સંપૂર્ણ વિગત મળે છે |
| (૫) | આ માટે કયા કયા ડોકયુમેન્ટ ફોર્મ સાથે ભરવા ? | ફોર્મ સાથે ડોકયુમેન્ટનું લીસ્ટ છે તે મુજબ ફોર્મમાં ડોકયુમેન્ટ જોડવા અથવા અમાને ફોન કરવાથી અમો ફોર્મ અને ડોકયુમેન્ટની લીસ્ટ ઇ.તઆલા વિના મુલ્યે મોકલશું. |

આ યોજનાના લાભ બાળકોને અપાવવા જેવો છે તેમાથી કોઇ યતીમ મીસ્કીનની જીંદગી બની જશે અને બહુ દુઆઓ મળશે. આ માટે પૂછપરછ અને માર્ગદર્શન માટે દરરોજ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૮ ની વચ્ચે મેનેજર રંગુનવાલા હોસ્પીટલ - જામનગરના ફોન નં. (૦૨૮૮) ૨૫૫૮૭૪૭ ઉપર કોઇ પણ જાતના સંકોચ વિના જરૂર જરૂર સંપર્ક સાધવા વિનંતિ અંતમા અલ્લાહ છેલ્લા શ્વાસ સુધી તે ખુશ થાય તેવા નેક કામ ઇખલાસ સાથે કરવાની નેક તૌફીક બક્ષે તેવી દુઆ સાથે.

## A.Y. Dadabhai Technical Institute (Polytechnic) Kosamba

MANAGED BY
THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY, SURAT.

# Result Analysis Diploma 4th Semester May - 2021

## Result of Institute - 95.87%

302 Fully Pass out of 315

## Result of Department

Electrical Engineering Department - 100 %
Computer Engineering Department - 100 %
Civil Engineering Department - 95.83 %
Mechanical Engineering Department - 90.00 %

**Rank of Electrical Dept. is 2nd Rank in GTU Colleges**

**Rank of Computer Dept. is 2nd Rank in GTU Colleges**

## Highlights of Students Performance

- **Narwade Kiran Ramdas of Mechanical Engg. Dept. got 6th Rank in all branches of GTU colleges and secure 1st Rank in Mechanical Engg. Dept. among all colleges.**
- **Mulla Jamil Ahmed M. Iqbal of Electrical Dept. got 1st Rank in Electrical Engg. Dept. among all colleges.**
- **13 Students got 10 SPI**



Kosamba - Mahuvej Road,
Kosamba-394120. Dist. Surat.
(02629) 235951-52
02629-235955
aydtech@yahoo.com
www.aydadabhaitech.org

Phon e No.0091-261-2420097/2424458

NOVEMBER -2021

VOHRA SAMACHAR

VALID UPTO 31-12-2023.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2021 -2023"
2000 Copies Posted at SR RMS at 3rd of Every mon th

on date of postin g 03 - 11 - 2021

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**
દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૨૦.૦૦

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

આપણું સામયિક વહોરા સમાચાર પેપર ઘણું ખોટમાં ચાલી રહયું છે એની ખોટ સરભર કરવી ખૂબજ મુશ્કેલ છે.ઘણાં દિલગીર સાથે જણાવવાનું કે આપણા ઘણાં ભાઇઓનું વર્ષોથી લવાજમ આવ્યું નથી. ઉપરાંત સરકારશ્રી તરફથી પોષ્ટલ ચાર્જમાં પણ ખૂબ જ વધારો કરવામાં આવ્યો છે. જેથી આપણા વહોરા સમાચાર પેપરના ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે જે ભાઇનું લવાજમ વર્ષોથી બાકી છે એમને નમ્ર વિનંતી કરીએ છીએ કે આપનું બાકી લવાજમ તાકીદે મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો.

આથી વહોરા સમાચારના વાંચકગણને જણાવવામાં આવે છે કે હાલની કારમી મોંઘવારીના કારણે ના છૂટકે વહોરા સમાચારના લવાજમમાં નજીવો વધારો કરવામાં આવ્યો છે. જેમાં આપ સાહેબનો પુરેપુરો સહકાર મળી રહેશે એવી અભિલાષા.

**દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦**
**દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦**

**પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦૦**
**પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦)**

**નોંધ:- આથી સંસ્થાના કમિટી મેમ્બરો તેમજ ગામે-ગામના પ્રતિનિધીઓને વિનંતી કરવામાં આવે છે કે આપના ગામમાં ઘેર-ઘેર વહોરા સમાચાર પેપર આવે અને સોસાયટીની પ્રવૃત્તિઓથી માહીતગાર થાય તે માટે વધુ ને વધુ નવા ગ્રાહકો અથવા લાઇફ મેમ્બરો બનાવી આભારી કરશો. આપના સહકારના અભિલાષી.**

## You Can Make Your Donation To The Following Bank Account

### DONORS FROM ABROAD

THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY
STATE BANK OF INDIA

| | | |
|---|---|---|
| ACCOUNT NO | : | (FCRA - SAVINGS BANK A/C.) 40159386675 |
| BRANCH CODE | : | 00691 |
| IFS CODE | : | SBIN0000691 |
| BANK SWIFT CODE | : | SBININBB104 |
| BANK ADDRESS | : | FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA). |

### FOR DONORS FROM INDIA

THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY
UNION BANK OF INDIA

ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025 IFS CODE : UBIN0531138
BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3

### વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

વહોરા સમાચાર, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩
એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩
IFSC CODE :- BARB0SUFIBA